

૧૦૫ 卐 જન્મજયંતી-વિશેષાંક 卐 ૧૦૫

એપ્રિલ મે 1994

# 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* જેનાથી અનાદિ મિથ્યાત્વરોગ મટે એવા નિમિત્તોનું મળવું તો ઉત્તરોત્તર મહાદુર્લભ જાણી આ (હલકા) નિષ્કૃષ્ટકાળમાં જૈનધર્મનું યથાર્થ શ્રદ્ધાનાદિ થવું તો કઠણ છે જ, પરંતુ તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ. રોગી, નીરોગી, ધનવાન, નિર્ધન. સુક્ષેત્રી તથા કુક્ષેત્રી ઇત્યાદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. ૩૭૬. (શ્રી ભાગચંદજી, સત્તાસ્વરૂપ, પાનું-૪)

* જગતમાં બીજાં જીવોની ચોકી વિના આત્મગુણો ધરનાર જીવો બહુ અલ્પ છે. બહુધા જગતવાસી જીવો લોકનિંદાના ભયથી જ પૂર્વ મહાપુરુષોએ યોજેલી સુંદર બાહ્ય મર્યાદામાં પ્રવર્તે છે. અને તે પણ હિતકારક છે. ભગવાનનો અને આત્મમલિનતાનો જીવને જેટલો ભય નથી એટલો જગતનો ભય જીવોને મર્યાદામાં રાખી રહ્યો છે, બાકી સર્વ જીવો મનોયોગ પ્રમાણે કાયયોગને જો મોકળો મૂકે તો જગતની અને જગતવાસી જીવોની કેટલી અકથ્ય અંધા-ધૂંધી થાય? દુર્જનો એક રીતે સજ્જનોની સજ્જનતાના દરમાયા વિનાના (વગર પગારના) રખવાળ છે, તેથી જ મહાપુરુષો કહે છે કે-"જગત એક રીતે ગુરુની ગરજ સારે છે." ૩૭૭. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૪૦)

* ઘણા લાંબા સમયથી જે ઘડામાં મળ-મૂત્ર ભર્યા હોય તે ઘડાને જળથી ધોવા છતાં તેમાથી દુર્ગંધ જતી નથી. તેમ સમ્યક્ત્વરૂપી જળથી જ્ઞાનામૃતસ્વરૂપ ઘટને ધોવા છતાં વિષયજન્ય વાસનાના સંસ્કાર જતાં નથી તેથી સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને, જેમ રોગીને ઔષધી સેવનની રુચિ નથી છતાં રોગવશ ઔષધીનું સેવન કરવું પડે છે તેમ વિષયોની રુચિ નહિ હોવા છતાં, વાસનાના સંસ્કારવશ વિષયોનો ત્યાગ થઈ શકતો નથી. ૩૭૮.
(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૧૩૯-૧૪૦)

કહાન સંવત-૧૪ વર્ષ-૫૦ અંક ૧૦, ૧૧ [૬૦૬] [૬૦૭]

વીર સંવત ૨૫૨૦ સં. ૨૦૫૦ APRIL, MAY A. D. 1994




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, તારણહાર ધર્મપિતા પરમપૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫મી જન્મજયંતી પ્રસંગે ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ–મહેકતાં

## 卐 ૧૦૫ અધ્યાત્મપુષ્પો 卐

* આત્માની પૂર્ણ વીતરાગ દશાને પ્રાપ્ત થયેલાં પરમાત્મા છે તે હું જ છું, કેમ કે હું જ પોતે પરમાત્મા થવાને લાયક છું. યોગીન્દ્રદેવ કહે છે તારે મુક્તિનું પ્રયોજન હોય તો આમ પહેલાં નક્કી કર! નિર્ણય કર! કે—"હું જ પરમાત્મા છું." ૧.

* જેણે આત્મામાંથી રાગ–દ્વેષનો નાશ કર્યો, અલ્પજ્ઞતાનો નાશ કર્યો અને વીતરાગ સર્વજ્ઞપણું પ્રગટ કર્યું તેવા પરમાત્મા જેવો જ હું છું. મારી અને પરમાત્માની જાતમાં કાંઈ ફેર નથી. ભગવાન સર્વજ્ઞે જે દશાને પ્રાપ્ત કરી તેવી દશાને ધરનારો શક્તિવાન હું પોતે જ જિનેન્દ્ર છું. ૨.

* આહાહા! આત્મા એટલે પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર કયા હતા! પોતે જ પોતાનો પરમેશ્વર છે. ૩.

* સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ

કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ-વ્યયની પર્યાયને કે બંધ-મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ-મોક્ષની પર્યાયને જે કરતો નથી તેને અમે જીવ કહીયે છીએ-એમ જિનવરદેવ કહે છે. ૪.

* શાસ્ત્રમાં તો એકલા તત્ત્વના સિદ્ધાંતો જ ભર્યા છે. ભ્રાંતિ છોડીને નિર્ભ્રાંતપણે એમ ભાવના કર કે 'જે જિનેન્દ્ર છે તે જ હું છું.' અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ અખંડ વીતરાગ છું, ભગવાન જ છું—એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી તેમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ જોઈએ. કેટલું જોર હોય ત્યારે આવો નિર્ણય થઈ શકે! ૫.

* સર્વજ્ઞ પરમાત્માએ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ફરમાવ્યું કે ભાઈ! અમે તને સિદ્ધ સમાન જોઈએ છીએ, તું પણ એમ જોતા શીખને! ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદની મૂર્તિ, દર્શન, જ્ઞાન ને ચારિત્રથી પૂર્ણાનંદને પામે એવો આ આત્મા એને હાડ-માંસમાં શરીરમાં રહેવું પડે, જનમ-મરણ કરવા પડે એ કલંક છે, કલંક છે. ૬.

* ભગવાન કહે છે અરે પ્રભુ! તારા આત્માની જાત અને અમારા આત્માની જાતમાં કાંઈ ફેર નથી. તેં તારું સ્વરૂપ પ્રગટ કર્યું નથી એટલો જ ફેર છે માટે પરમાત્મા જેવા જ તારા આત્માની નિર્ભ્રાંત-ભ્રાંતિ રહિત નિઃશંકપણે ભાવના કર! શક્તિએ બધાં આત્મા ભગવાન છે. તું તારી ચૈતન્યસત્તાનો સ્વીકાર કર! જાણવું....જાણવું...જાણવું. આ જાણવાની જ્ઞાનશક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા છે તે હું જ છું, જ્ઞાનની સાથે રહેલો આનંદ એ પણ હું જ છું. અતીન્દ્રિય, બેહદ અને પૂર્ણ આનંદ મારું જ સ્વરૂપ છે. આવા જ્ઞાન-આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ કરતાં-સત્યસ્વરૂપનો સ્વીકાર કરતાં પર્યાયમાં જે સત્યદશા પ્રગટ થાય છે તે જ ખરેખર આત્માનો નિજધર્મ છે. ૭.

* પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યાં છે, આનંદના વાજા વગાડ્યા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે, શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ

ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે. ૮.

* સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાષ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૯.

* હું મુક્ત જ છું, રાગ અને તેના સંબંધે બંધપણું મારામાં છે જ નહિ. સમયસારની ૧૪મી ગાથામાં કહ્યું છે: જે આત્માને અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવોરૂપ એટલે કે મુક્તસ્વરૂપ દેખે છે—અનુભવે છે તેને શુદ્ધનય જાણજે. કર્મ તો પર ચીજ છે, તેની સાથે તો જીવને પરમાર્થે સંબંધ છે જ નહિ, પણ રાગાદિ વિભાવો સાથે પણ ખરેખર સંબંધ નથી. આત્મા તો રાગાદિના સંબંધ વિનાની અબંધ ચીજ છે. અબંધ કહો કે મુક્ત કહો. અહા! દૃષ્ટિએ જ્યારે દ્રવ્યને લક્ષમાં લીધું ત્યારે 'હું મુક્ત જ છું' એવો અનુભવ થયો. ૧૦.

* ભાઈ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો. સર્વમાં અધિક છો. તારા હિતના માર્ગે તું એકલો જઈ શકે છો. તારો માર્ગ તારાથી અજાણ્યો નથી. મુક્તિમાં તું એકલો જઈ શકે છો. અત્યાર સુધીમાં જે જીવો મોક્ષમાં ગયા તે બધાં પોતાના સ્વસંવેદનથી આત્માને જાણીને એકલા જ મોક્ષમાં ગયા છે. ૧૧.

* અનંતા જિનવરો એમ કહે છે કે જીવ બંધ-મોક્ષને કરતો નથી તે જીવને અમે જીવ કહીયે છીએ. બીજી રીતે કહીયે તો બંધપર્યાય તો

આશ્રય કરવા લાયક નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી. બંધ-મોક્ષથી રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. મોક્ષમાર્ગની પર્યાય તે વ્યવહાર જીવ છે. પર્યાય તે વ્યવહાર હોવાથી પર્યાયવાળો જીવ તે વ્યવહાર જીવ છે અને દ્રવ્ય તે નિશ્ચય જીવ છે. ૧૨.

* એક સમયનો વિકૃતભાવ છે, એનાથી રહિત આખી ચીજ પડી છે. વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો! વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે. ૧૩.

* હે જીવો! પરદ્રવ્યમાં ફેરફાર કરવાની અને સ્વકાર્યમાં અન્ય સાધન શોધવાની ચિંતા છોડી, સ્વસંવેદનથી નિજાત્માનો અનુભવ કરો! આત્માનું જ્ઞાન કિરણ જે પ્રગટ છે તે પ્રગટ પર્યાય દ્વારા આત્મા જાણો! ૧૪.

* ભાઈ તું શાંત થા! ધીરો થા! તારી પ્રભુતા પ્રભુ! તારી પાસે જ છે અને તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છો. તારી પ્રભુતાથી તું સ્વભાવનું સાધન કર, તેમાં તારે બીજાની પાસે દીનતા કરવાની જરાય જરૂર નથી. ત્રણ ભુવનના નાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં આ વાત ફરમાવતાં હતાં. તેની જ માર્ગ પરંપરામાં આ વાત મુનિરાજ ફરમાવે છે. તેનો તું વિશ્વાસ કર! પ્રતીતિ લાવ! ૧૫.

* આત્મા પરમાત્મા સ્વરૂપ જ છે. પરમાત્મા તારી પાસે જ છે. અરે! તું જ પરમાત્મા છો. એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો? સંતોએ મારગ સહેલો કરી દીધો છે, તું છો ત્યાં જા! તું નથી ત્યાંથી ખસી જા! ૧૬.

* ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ વર્તમાનમાં અત્યારે જ મુક્તસ્વરૂપ છે, કર્મથી ને વિભાવથી ભિન્ન નિર્લેપ ચીજ છે. એમ ન હોય તો પર્યાયમાં નિર્લેપતા આવશે કયાંથી? જેમ સ્ફટિકમાં રંગની ઝાંય દેખાવા છતાં સ્ફટિક તે જ વખતે સ્વભાવે નિર્મળ છે, તેમ જીવની પર્યાયમાં વિભાવો જણાવા છતાં જીવ તે જ વખતે સ્વભાવે નિર્મળ છે, નિર્લેપ છે. 'આ બધા જે શુભાશુભ વિભાવો જણાય છે તે જ્ઞેયો છે. હું

તો તદ્દન છૂટો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પર્યાયમાં પ્રગટ નિર્લેપતા થાય છે. જ્ઞાની જાણે છે કે—'મારો આત્મા કર્મ અને વિભાવના લેપ વગરનો, શુદ્ધ ચૈતન્યદેવ છે.' તે તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ—અલિપ્ત જ છે. મૂળ તત્ત્વમાં તો અન્ય કાંઈ પ્રવેશી શકતું જ નથી. પછી ચિન્તા શાની? ૧૭.

* આહાહા! ભગવાન તારામાં દેહ-મન-વાણી તો નથી જ અને રાગ પણ તારામાં નથી પણ અહીં તો એથી ઊંડી વાત કરે છે કે તારામાં શુદ્ધપર્યાય પ્રગટે છે, શુદ્ધપર્યાય વધે છે, પૂર્ણ શુદ્ધપર્યાય થાય છે-એવી ધ્યાનાવલી તારામાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. કેમકે તું તો ત્રિકાળીતત્ત્વ સદાય કલ્યાણસ્વરૂપ શુદ્ધ જ છે. અરે! આ પંચમઆરો છે ને સભાને જોઈને તો વાત કરો! અરે ભાઈ! સાંભળ...સાંભળ! અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ૧૮.

* શ્રી નિયમસાર કળશ-૧૭૬માં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે. આહાહા! આત્મા નિરંતર વર્તમાન સુલભ છે. વર્તમાન સુલભ છે એનું તાત્પર્ય એ છે કે આત્મા વર્તમાનમાં જ છે, તેનો વર્તમાનમાં જ આશ્રય લે! ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં રહેશે એમ ત્રિકાળ લેતા તેમાં કાળની અપેક્ષા આવે છે. તેથી વર્તમાનમાં જ ત્રિકાળી પૂર્ણાનંદનાથ પડ્યો છે તેનો વર્તમાનમાં જ આશ્રય લે તેમ કહે છે. ૧૯.

* જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. શુભાશુભભાવ એ તો અચેતન છે, જડ છે, તે રૂપે થાય તો જ્ઞાયકભાવ જડ થઈ જાય. આત્મા ચૈતન્ય જ્ઞાયક ભાવરૂપે હોવાથી શુભાશુભ ભાવરૂપે થતો નથી, તેથી અપ્રમત્ત-પ્રમત્તના ભેદો તે જ્ઞાયકભાવમાં નથી. જ્ઞાયકભાવ તો એક ચૈતન્યરસરૂપે જ રહ્યો છે, શુભાશુભ ભાવના અચેતનરસરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ ચૈતન્યના પૂરનો ધ્રુવ પ્રવાહ છે, એ જ દૃષ્ટિનો વિષય છે. તેમાં પુણ્ય-પાપના ભાવ છે જ નહિ, અપ્રમત્ત-પ્રમત્ત ગુણ-સ્થાનના ભેદ કે પર્યાયભેદ તેમાં નથી. પણ એ તને જણાય ક્યારે? —કે તું પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી જ્ઞાયકભાવ સન્મુખ થા ત્યારે શુદ્ધતાનો અનુભવ થાય ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે એમ

ખરેખર જાણ્યું છે. તારી પર્યાયમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો આદર થાય, સેવા થાય, સન્માન થાય, ચમત્કારીકતા લાગે, અધિકતા આવે ત્યારે પરદ્રવ્યનો સત્કાર, સન્માન, આદર, ચમત્કારીકતા છૂટી જાય અને ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે તેમ જાણવામાં આવે છે. ૨૦.

* વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી ક્યાં રુચે છે? અંદરથી રુચે તો વીર્ય ઉછળે; એ ક્યાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા, પણ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને! પહેલાં સ્વભાવનું માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૨૧.

* જાણન...જાણન...ચૈતન્યના પ્રકાશનું પૂર...જ્ઞાયક હું તો છું—એમ પહેલાં ઉપલકભાવે તો નિર્ણય કર. પછી ઊંડાણથી નિર્ણય કર. વિકલ્પથી અંદર વિચારમાં એ લે કે દેહ તો માટી છે ને પુણ્ય-પાપના ભાવ તો વિકાર છે, હું તો જ્ઞાયક છું. પછી ઊંડાણથી એનો નિર્ણય કર. ગમે તેમ કરીને એ માર્ગે જા. શુભાશુભભાવથી ભિન્ન જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર. જાણનનો જાણનપણે અભ્યાસ કર. જ્ઞાયકનો બીજી રીતે નહીં પણ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર—આ એક કરી લીધું તો બધું થઈ ગયું—બધું આવી ગયું. ૨૨.

* આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય રસ પડે નહિ. જગતના પદાર્થોનો રસ ફીક્કો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય. અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની ક્યાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ

સ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, તેને આત્મા પ્રાપ્ત થાય જ. ૨૩.

* જીવ ને મોક્ષ વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં ?—હા, અભાવ સંબંધ છે. દ્રવ્યને અને પર્યાયને પ્રાગભાવાદિ ચાર પ્રકારના અભાવની જાતનો અભાવ નથી પણ દ્રવ્ય ને પર્યાય વચ્ચે આધ્યાત્મિક અભાવ છે. જીવમાં પર્યાય નથી અને પર્યાયમાં જીવ નથી એવો સંબંધ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સદૃશ વસ્તુ છે, સામાન્ય સ્વરૂપ છે, તેમાં વિશેષનો અભાવ છે. સામાન્યમાં વિશેષનો અભાવ હોવાથી સામાન્ય તે વિશેષને કરતું નથી. વ્યક્તમાં, વ્યક્ત અને અવ્યક્તનું એકીસાથે જ્ઞાન થવા છતાં અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી. પર્યાયના આલિંગન વિના દ્રવ્ય શુદ્ધ છે. નિર્મળ પર્યાય વિનાના દ્રવ્યને શુદ્ધ કહે છે. ૨૪.

* તાત્પર્ય એ છે કે પર્યાય વિનાનો ભગવાન આત્મા તે ઉપાદેય છે. સિદ્ધ સમાન એટલે કે ત્રિકાળી શુદ્ધ એવો નિજ આત્મા ઉપાદેય છે. પણ કોને ઉપાદેય છે કે જેણે અનુભૂતિ દ્વારા ઉપાદેય બનાવ્યો છે ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. શુદ્ધાત્માની સન્મુખની અનુભૂતિરૂપ પરિણમન થાય ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. એમ ને એમ ઉપાદેય–ઉપાદેય કરે—ધારણમાં રાખે તેને આત્મા ઉપાદેય નથી. ૨૫.

* પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડચો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી. ૨૬.

* અમે તો સૌને ભગવાન દેખીએ છીએ. અંદર નિત્યાનંદ પ્રભુ ત્રિકાળી ચૈતન્ય ભગવાન બિરાજે છે, તેના આશ્રયથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. વિકલ્પનું અને પરનું લક્ષ છોડીને અંદરમાં ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય કરવો તે એક જ કરવાયોગ્ય મૂળ વસ્તુ છે. ૨૭.

* પરકી તો ક્યા બાત, અધિકાર તો યહાં રાગકા ભી નહીં. જો રાગકા અધિકારી હોતા હૈ, વો દ્રવ્યકા અધિકારી નહીં, શુભાશુભ ભાવોંકા સ્વામી હૈ, વો આત્માકા અધિકારી નહીં. ૨૮.

* તું ચૈતન્યમૂર્તિ જાણનાર દેખનાર આનંદકંદમૂર્તિ છો—એમ ભગવાને જોયું છે. તું રાગવાળો છો એમ ભગવાને તને જોયો નથી. પરંતુ હું જાણનાર–દેખનાર છું એમ તેં તને ન જોતાં, પરને જાણતાં તારામાં જે રાગાદિ થાય છે તે સ્વભાવને લઈને થયા નથી કે પરને જાણવાથી થયા નથી તોપણ પર ચીજને જાણવા ઉપરાંત આ ચીજ મને ઠીક પડે છે ને અઠીક પડે છે એવી મિથ્યાભ્રાંતિ તેં પોતે ઊભી કરી છે. ૨૯.

* શરીર–વાણી–મન તથા દયા–દાન, વ્યવહારરત્નત્રયના પરિણામ એટલે કે દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો રાગ પંચ–મહાવ્રતના પરિણામ અને પરલક્ષી જ્ઞાન એ બધા પુદ્‌ગલના પરિણામ છે ને પુદ્‌ગલનું કાર્ય છે ને પુદ્‌ગલ એનો કર્તા છે, આત્મા તેનો કર્તા નથી. ૩૦.

* પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી, કેમ કે હું પરમ સ્વાધીન છું. મારે મારા કાર્ય માટે અન્ય સાધનોનું અવલંબન લેવું પડતું નથી. માટે હું પરમ સુખી છું એમ પહેલાં વિશ્વાસ લાવ! અસ્તિપણે સત્તાપણે બિરાજમાન ભગવાન આત્મા સ્વસત્તાના વિશ્વાસવડે જ પ્રાપ્ત થાય તેમ છે. અમાપ...અમાપ આનંદ, જ્ઞાન આદિ અનંત ભાવોથી ભરેલો સ્વભાવ, પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થાય છે. પરના સાધનથી પોતાનો સ્વભાવ પ્રગટે એવું આત્માનું સ્વરૂપ જ નથી. ૩૧.

* જે મોક્ષનું કહેવામાત્ર–કથનમાત્ર કારણ છે એવો વ્યવહારરત્નત્રય તો ભવસાગરમાં ડૂબેલાં જીવોએ પૂર્વે ભવભવમાં સાંભળ્યો છે અને કર્યો પણ છે. દયા-દાન-ભક્તિ-વ્રત-તપ આદિ શુભરાગનો વ્યવહાર તો ભવસાગરમાં ડૂબેલાં જીવોએ અનંતવાર સાંભળ્યો છે અને આચર્યો છે પણ તે વ્યવહાર-રત્નત્રય કાંઈક—કથનમાત્ર મોક્ષનું કારણ છે પરંતુ ખરેખર તો તે બંધનું જ

કારણ છે. જે રાગ દુઃખરૂપ છે, ઝેરરૂપ છે તે અમૃતરૂપ એવા મોક્ષનું કારણ કેમ હોય? દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, પૂજા, જિનમંદિર બંધાવવા, મોટા ગજરથ આદિ કાઢવા આદિ બધું તો ભવભવમાં અનંતવાર કર્યું. શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન, નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા અને વ્રત-તપ આદિનું આચરણ પૂર્વે અનંતવાર સાંભળ્યું છે અને આચર્યું પણ છે. અરેરે! ખેદ છે કે જે સર્વથા એક જ્ઞાનરૂપ છે એવા પરમાત્મતત્ત્વને જીવે સાંભળ્યું નથી, આચર્યું નથી. ૩૨.

* જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવ-પ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ-મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર! વિશ્વાસ લાવ! ૩૩.

* જે વસ્તુ છે તેના સ્વભાવની હદ ન હોય. મર્યાદા ન હોય. તેને પરાશ્રય ન હોય. જે સ્વભાવભાવ છે તેને પરાશ્રયતા કેમ હોય? અચિંત્ય સ્વભાવમાં અપૂર્ણતા કેમ હોય? સાક્ષાત્ પરમેશ્વરનું રૂપ જ આ ભગવાન-આત્મા છે. પરમેશ્વરમાં અને દરેકના ભગવાન-આત્મામાં કાંઈ ફેર નથી. આવા પોતાના આત્માને દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી સ્વસંવેદન પ્રમાણ સિદ્ધ થઈ ન શકે. પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે. જે પર્યાય દ્રવ્યને દૃષ્ટિમાં લે છે તે પર્યાયની મહિમાનો પણ પાર નથી તો દ્રવ્યની મહિમાની શું વાત? આવી મહિમા જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીર્ય સ્વસંવેદન તરફ ન વળે. ૩૪.

* વસ્તુ અબંધસ્વરૂપ છે, તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે.

નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ-મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ-મોક્ષ છે જ નહીં. પર્યાયમાં બંધભાવ છે અને તેના અભાવથી મોક્ષ થાય છે, પણ બંધ છે તે ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં. વસ્તુસ્વભાવમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. શુદ્ધનિશ્ચયનયથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયકભાવમાં બંધ-મોક્ષ ક્યાંથી આવે? પર્યાય ને બંધ-મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવવા, તેની દષ્ટિ કરાવવા અને પર્યાયદષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી. ૩૫.

* વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય તો કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી—એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાંખ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે, ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે...વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ કર્તવ્ય છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે. ૩૬.

* આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતા એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તો જોયા વિના ચેન ન પડે. ૩૭.

* જિનસ્વરૂપી ભગવાન આત્મા વીતરાગમૂર્તિ અંદર છે. બધા જીવો જિનસ્વરૂપે અંદર છે, પર્યાયમાં ફેર છે પણ વસ્તુમાં ફેર નથી. રાગની એકતા તોડીને જિનસ્વરૂપને જે દષ્ટિમાં લ્યે ને અનુભવે તે અંતરના જૈન છે, વેશમાં જૈનપણું નથી. બહારમાં કપડાં કાઢીને નગ્ન

થઈને બેઠા માટે તે જૈનપણું છે કે પંચમહાવ્રત પાળે છે માટે તે જૈનપણું છે એમ નથી. જૈનપણું તો પરમાત્મા એને કહે છે કે વસ્તુ પોતે જિનસ્વરૂપે છે, વીતરાગમૂર્તિ અખંડાનંદ નાથ પ્રભુ છે એની જેને દૃષ્ટિ થઈ અને રાગની–વિકલ્પની દૃષ્ટિ છૂટી ગઈ એને જૈન કહે છે. જિનને જાણે તે જૈન છે, જિન એટલે પોતે આત્મા. ૩૮.

* પ્રભુ એમ કહે છે કે પ્રભુ! તું એકસ્વરૂપે અંદર બિરાજે છે અને તારી જે પર્યાય છે તે પ્રમાણનો વિષય છે. દ્રવ્ય ને પર્યાય બેનું જ્ઞાન છે તે પ્રમાણ છે પણ નિશ્ચયનો વિષય તો પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે કોઈ પ્રશ્ન કરે કે દિગંબરો એમ માને છે કે દ્રવ્ય પર્યાયને ન કરે? તો કહે છે કે સત્ય તો એમ જ છે કે દ્રવ્ય પર્યાયને ન કરે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી—અડતું નથી તો કરે ક્યાંથી? સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જે ધર્મદશા એને પણ દ્રવ્ય અડતું નથી તો કરે ક્યાંથી? ૩૯.

* આહાહા! શું કથન છે! વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય–એ બધાં વ્યવહારનાં વચન છે. એક એક સમયની પર્યાય–ચાહે તો કેવળજ્ઞાન હો, ચાહે તો નિગોદના જીવની અક્ષરના અંતરમાં ભાગની જ્ઞાનની પર્યાય હો, ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગનો કણ હો–એ બધી પર્યાયનું અસ્તિત્વ જગતમાં, છ દ્રવ્યમાં છે પણ તે અસ્તિત્વ એવું છે કે જેમ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે. જેમ દ્રવ્ય ને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતાથી, પોતાના કારણથી છે. ૪૦.

* પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરૂ આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દૃઢ નિશ્ચય થવો જોઈએ. આવો જેને દૃઢ નિશ્ચય હોય તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી. ક્રમબદ્ધ પ્રમાણે જ આત્મા

પ્રાપ્ત થશે. પરંતુ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધની સાચી શ્રદ્ધા થાય છે. ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને બીજી વાત એ કે એક દ્રવ્યની પર્યાયને પરની સાથે કાંઈ સંબંધ નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ આત્માને સ્પર્શતા નથી. આત્મા શરીરને સ્પર્શતો નથી. આહાહા ! ૪૧.

* જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૪૨.

* જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો ! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઉતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૪૩.

* જુઓ, આ ઇષ્ટ ઉપદેશ ! પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા થઈને અનુભવ કરી શકે એવી શક્તિનું સત્ત્વ છે, જ્ઞેય થવા માટે કે જ્ઞાતા થવા માટે બીજાની જરૂર પડે એવું પરાધીન વસ્તુનું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો-જાણ્યો તેવો જ કહ્યો છે. ભગવાન આ હરખજમણ જમાડે છે ભાઈ ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી તેમાં ઠરી જવા જેવું છે. ૪૪.

* સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો, પણ આત્મા શું છે તેની વાત જાણી નથી; કદી આત્માનો યથાર્થ વિચાર પણ કર્યો નથી, તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્માના સ્વરૂપમાં ઠર્યા છે તેઓ તો કરવા યોગ્ય કાર્ય જ કરી બેઠા છે. તેમની શું વાત ! પણ જગતની ચિંતા છોડીને જેને આત્માની ચિંતાની પકડ પણ થઈ કે

અહો ! મારા આત્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્યપદાર્થોની ચિંતામાં જ રખડયો છું, માટે સત્સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે.—આવી આત્માની ચિંતાનો પરિગ્રહ કરે—પકડ કરે—તેનું જીવન પણ પ્રશંસનીય છે. ૪૫.

* શરીરમાં છેદન–ભેદન વગેરે પ્રતિકૂળતા થાય તે ખરેખર દુઃખ નથી, પણ સંયોગ તરફની લાગણીથી માનસિક ચિંતા કરે છે તેનું દુઃખ છે. તે જ પ્રમાણે સ્વર્ગમાં બહારની અનુકૂળતા હોય—તેથી કાંઈ સુખ નથી, ત્યાં પણ સંયોગ તરફના વલણવાળો જીવ માનસિક ચિંતાથી દુઃખી જ છે. જેને સ્વભાવની દૃષ્ટિ નથી, રાગ વગરનું જ્ઞાન પ્રગટ્યું નથી ને બહારમાં પુણ્ય અને પુણ્યફળની મીઠાશ છે તે જીવ બહારમાં બીજા પાસે પોતાના કરતાં વધારે ઋદ્ધિનો સંયોગ દેખતાં મનમાં આકુળતાથી દુઃખી થાય છે. તેને આખા જગતની ઋદ્ધિનો સંયોગ લેવાની ભાવના છે. અંદર આખી ચૈતન્યઋદ્ધિ છે તેનું તેને ભાન નથી એટલે બહારમાં સંયોગ વધારે લેવા માગે છે. ૪૬.

* મુમુક્ષુ જીવ ઉલ્લાસના કાર્યમાં પણ જોડાય. અરે ! સમકિતી સૌધર્મઈન્દ્ર પણ ભગવાન પાસે ઘૂઘરા બાંધીને નાચે ! મુમુક્ષુ જીવ કે જેને અંદરની લગની લાગી છે તે બહારમાં ઉલ્લાસના કાર્યોમાં પણ જોડાય, પરંતુ સાથોસાથ અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે કે અરે ! હું આ નહીં; સંતોષ ન થાય. ૪૭.

* પોતે ભગવાન હોવા છતાં બહારનાં સંયોગો—મકાન, સ્ત્રી, પુત્ર, ફિલમ, દૌલત આદિ જડ વસ્તુઓ પાસે સુખની ભીખ માંગે છે. તૃષ્ણારૂપી ક્ષય રોગ લાગુ પડ્યો છે, તેમાં પીડાતો ઇન્દ્રિયવિષયો પાસે સુખની ભીખ માંગે છે. પણ પ્રતિકૂળતા, રોગ, નિર્ધનતા આદિ દુઃખના સાધન મળવાથી જેવી આકુળતા થાય છે તેવી જ આકુળતા તૃષ્ણારૂપી રોગથી થાય છે. આ જીવે અનંત વાર દેવ, મનુષ્ય, મોટા રાજા આદિના વૈભવો પ્રાપ્ત કર્યા પણ આ તૃષ્ણારોગ મટ્યો નહિ. કેમ કે આત્માના આનંદની રુચિ વિના તૃષ્ણાનો દાહ શમન થઈ શકતો નથી. ૪૮.

* અહા! અત્યાર સુધીમાં જે સિદ્ધો થયા એથી અનંતગુણા જીવો નિગોદના એક એક શરીરમાં છે. એ જીવોમાંથી કેટલાંક તો સદાય એમાં જ રહેવાના છે. નિગોદમાંથી સંજ્ઞી-પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂકયો તો ફરી આ અવસર નહિ મળે. અત્યારે તો "સબ અવસર આ ચુકા હૈ." ૪૯.

* ભગવાન આત્મા અણેન્દ્રિય હોવાથી તેની અપેક્ષાએ ભગવાન, ભગવાનની દિવ્યવાણી કે મુનિઓનાં વૃંદ બધું જ ઇન્દ્રિય છે. કેમકે તેઓ ઇન્દ્રિયનો વિષય છે. વીતરાગી દેવ એમ ફરમાવે છે કે અમે તો તારી ઇન્દ્રિયનો વિષય છીએ અને તું તારી અણેન્દ્રિયનો વિષય છે, તું તને વિષય બનાવીને જાણ તે જ અમારી સ્તુતિ છે. ૫૦.

* સ્વ–પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેય-ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે. ૫૧.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં અને જે દ્રવ્યની જે પર્યાય જે કાળે જે થવાની હોય તે જ થાય, આઘી-પાછી ન થાય—એવા સદ્‌ગુરુના ગંભીર ને મૂળ વસ્તુસ્વરૂપને સમજાવનારા રહસ્યોથી ભરપૂર વાકયોનું સાચો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. જ્ઞાનીના ગંભીર વાકયો સાંભળીને ખરો આત્માર્થી ઊંડું મંથન કરે. ૫૨.

* હે ભવ્યો ! તમે એવું કામ કરો કે જેથી આત્મા પોતાની જ્ઞાનભૂમિકામાં આવી જાય. દેહ છૂટ્યાં પહેલાં આ પ્રયત્ન કરી લે. ઘર બળે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. માટે મરતાં પહેલાં આત્માનો યત્ન કરી લે. માનવદેહથી જ શિવપદ મળી શકે છે. દેવ, નારક, પશુગતિમાંથી શિવપદ નહિ મળે, માટે આ અમૂલ્ય અવસર ખોવાં જેવો નથી. ૫૩.

અહા ! સ્વને ભૂલીને જ્યાં પરમાં નિજ–પરનો ભેદ પડ્યો, મારા ને તારાનો ભાગ પડ્યો ત્યાં મિથ્યાત્વનો રાગ–દ્વેષ થાય છે. અને તેવી રીતે હું ભલો ને બીજા બધા ખરાબ એમ માનતા પણ મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. ભાઈ! તને ભ્રમણા થઈ છે. હું જ્ઞાન ને તે જ્ઞેય—એમ માનને ભાઈ! પરપદાર્થ ચાહે તો દેવ–શાસ્ત્ર–ગુરુ હો, પંચપરમેષ્ઠિ હો, નિગોદ હો કે શત્રુ હો—બધા આત્માના જ્ઞાનના જ્ઞેય છે. પણ આ ઠીક કે આ અઠીક એવું વસ્તુમાં નથી. તેમ જ અહીં સમ્યગ્જ્ઞાનમાં પણ નથી. છતાં તેં પરિણામમાં ઠીક-અઠીક માની રાગ–દ્વેષ ઊભા કર્યાં છે. ૫૪.

* ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે. તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે તેમાં કરવાનું તો આ એક જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બન્ને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. ભાઈ ! સમય સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે, તેમાં જો તું સ્વભાવ સન્મુખ ન થયો તો તેં શું કર્યું ? ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવો—તે જ કરવાનું છે. ૫૫.

* ભાઈ ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વસંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય

છે. માટે સતના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ, ભાઈ ઊંડાણથી સતના સંસ્કાર નાખ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૫૭.

* કોઈ કહે કે અધ્યાત્મમાં આમ કહ્યું છે ને આગમમાં આમ કહ્યું છે ને ન્યાયશાસ્ત્રોમાં આમ કહ્યું છે, તો કહે છે કે બાપુ! એ બધા કથન છે, પહેલાં તો છ દ્રવ્યસ્વરૂપ લોક છે;—એમ 'છે' કહેતાં અનંતદ્રવ્યની પર્યાય પણ છે એમ એમાં આવી ગયું. પર્યાય કોઈને કારણે છે—એમ નથી, પર્યાય સત્ છે, તેનો કોઈ હેતુ નથી. 'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે'–તેમાં 'છે' તે સત્ છે. દ્રવ્ય સત છે, ગુણ સત્ છે, પર્યાય પણ સત છે. જેમ દ્રવ્યનું કોઈ બીજું કારણ નથી, ગુણનું કોઈ બીજું કારણ નથી તેમ વિકારી કે અવિકારી પર્યાયનું પણ કોઈ બીજું કારણ નથી, એ પર્યાય પણ પોતાના કારણથી તે સમયમાં નિરાલંબપણે—દ્રવ્ય-ગુણના આલંબન વિના, નિમિત્તના આલંબન–અપેક્ષા વિના, પોતાના ષટ્કારકથી—ઉત્પન્ન થાય છે એ લોકનું સ્વરૂપ છે. ૫૮.

* સમ્યગ્દષ્ટિને પંચપરમેષ્ઠી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે પ્રેમ ને એનાથી વિરુદ્ધ કુદેવ–કુશાસ્ત્ર–કુગુરુ પ્રત્યે દ્વેષનો અંશ છે, પણ એ રાગ અને દ્વેષ પોતાના જ્ઞાતાનું જ્ઞેય છે. તેને પોતાના માનતો નથી, પોતાથી થયા માનતો નથી ને તેનાથી લાભ માનતો નથી. વ્યવહાર સમકિત છે પણ તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગ છે તો મને લાભ છે, રાગ કર્યો તો ઠીક કર્યું એમ માને તે મિથ્યાદષ્ટિ છે. ધર્મીને જ્યાં સુધી અસ્થિરતા છે ત્યાં સુધી રાગ રહે છે અને દ્વેષનો અંશ પણ રહે છે પણ સ્વરૂપમાં એકત્વ નથી કરતાં અને અજ્ઞાની તો એમાં જ પડ્યો રહે છે કે રાગ કર્યો તે ઠીક કર્યું. ૫૯.

* આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન! તારી મૂડીમાં-પૂંજીમાં-સ્વરૂપમાં રાગ–દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગ-દ્વેષ કરાવે

એવી એનામાં તાકાત નથી પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ એને છોડીને અજ્ઞાની રાગ-દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં. ૬૦.

* જડ-ઈન્દ્રિય, ભાવ-ઇન્દ્રિય તથા તેના વિષયોથી ભિન્ન એક અખંડ જ્ઞાયકને અનુભવવો તેનું નામ પરમાત્માની નિશ્ચયસ્તુતિ છે. અરિહંત પરમાત્માના શરીર દિવ્યવાણી આદિ પુણ્યપ્રકૃતિનું ચિંતવન કે ગુણગાન કરવાથી અરિહંતદેવની નિશ્ચયસ્તુતિ થતી નથી. પરંતુ જેવો નિજ પરમાત્મા છે તેનો તેવો વાસ્તવિક સ્વીકાર કરવો તેનું નામ ઈન્દ્રિયોનું જીતવું છે. તે જ પરમાત્માની સાચી સ્તુતિ છે. ૬૧.

* અતીન્દ્રિય આનંદ સ્વરૂપ નિજ આત્મામાં એકાગ્રતા કરવાવાળો જીવ સ્વતઃ પોતામાં એકાગ્રતા કરે છે. સ્વતઃ સેવા કરે છે. તેમાં તેને અન્ય દ્રવ્યોની મદદની જરૂર નથી. અન્ય દ્રવ્યો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ તે મને જરાય હિતકારક નથી. આવો પહેલાં નિર્ણય જોઈશે. નિર્ણયની ભૂમિકા યથાર્થ થયા વિના હિતનો પંથ હાથ આવે તેમ નથી. માટે પ્રથમ યથાર્થ નિર્ણય કરો. ૬૨.

* પ્રભુ! આપ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણને ત્રણલોક સંબંધી જાણો છો એ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. નાનામાં નાનો કાળ એક સમય અને તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ સ્વરૂપ એવા અનંતા પદાર્થો તેને આપ એક સમયમાં જાણો એ જ આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે. અનંતા પદાર્થોના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ છે એવી આપની વાણી સર્વજ્ઞતાનું ચિહ્ન છે. એક સમયના બે ભાગ ન થાય પણ એક

સમયમાં ત્રણ લોકના અનંત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ ભાગ તેને સર્વજ્ઞ એક સમયમાં જાણી લે. કાળ નાનો વસ્તુ મોટી! ને તે એક એક સમયમાં ત્રણ ત્રણ ભાગવાળી ને એવા અનંતા પદાર્થ તેને એક સમયમાં જાણી લ્યે અને એ સહિત ભૂતકાળના ને ભવિષ્યકાળના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-વાળા અનંતા પદાર્થો તેને સર્વજ્ઞ એક સમયમાં જાણી લ્યે આહાહા! ૬૩.

* બીજાનું કાંઈ કરવું કે લેવું-દેવું તો છે જ નહીં પણ પોતામાં પોતાના વિચાર, મંથન ચાલે તે પણ વિકલ્પ તોડી દઉં એ પણ વિકલ્પ છે. કેમ કે વિકલ્પ તોડું-એ તો પર્યાય ઉપર દૃષ્ટિ ગઈ. પર્યાયમાં પર્યાયથી ધ્રુવનો નિર્ણય કરવાનો છે. વિકલ્પને તોડું એવા વિકલ્પની પણ પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં લેવું કે રાગથી ને પર્યાયથી પણ ભિન્ન હું આ જ્ઞાયક છું-એવું નિરંતર ઘુંટણ રહેવું જોઈએ. ૬૪.

* ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેય તરફથી છૂટીને સ્વજ્ઞેય એવા નિજ ચૈતન્યતત્ત્વને ગ્રાહ્ય બનાવે છે ત્યારે પોતાની ચૈતન્યશક્તિનું અસંગપણું અનુભવવામાં આવતાં ઇન્દ્રિયના વિષયોથી સર્વથા ભિન્નપણું પ્રગટ થાય છે, તે જ ઇન્દ્રિયના વિષયનું જીતવું છે. ૬૫.

* જેમ માતાથી વિખૂટા પડી ગયેલાં બાળકને 'મારી બા, મારી બા'—એમ પોતાની માતાનું જ રટણ થયા કરે છે, કોઈ તેને પૂછે છે કે તારું નામ શું? તો કહેશે કે 'મારી બા.' કોઈ તેને ખાવાનું પૂછે તો કહેશે કે 'મારી બા'—એમ તે માતાનું જ રટણ કરે છે. તેમ જે ભવ્ય જીવોને અંતરમાં આત્માની દરકાર જાગે, આત્માનું જ રટણ અને આત્માની ચિંતાનો વળગાડ પ્રગટ કરે, આત્મા સિવાય બીજાની રુચિ અંતરમાં થવા ન દે તેનું જીવન ધન્ય છે. અહો! પૂર્ણ ચિદાનંદ સ્વરૂપ મારો આત્મા છે, તેનું ભાન અને પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી યથાર્થ શાંતિ કે સુખ થાય નહીં. અત્યાર સુધીનો અનંતકાળ આત્માના ભાન વગર ભ્રાંતિમાં ગુમાવ્યો, હવે એક ક્ષણ પણ ગુમાવવી નથી—એમ આત્માની ચિંતાવાળો જીવ બીજા કોઈની રુચિ કરતો

નથી. જેઓ ચૈતન્યસ્વભાવનું ભાન પ્રગટ કરીને તેને ધ્યાનમાં ધ્યાવે છે તેમના મહિમાની વાત શું કરવી? તેમણે તો કાર્ય પ્રગટ કરી લીધું છે, તેથી તે કૃતકૃત્ય છે. પણ જેણે તેના કારણરૂપ રુચિ પ્રગટ કરી છે કે અહો! મારું કાર્ય કેમ પ્રગટે? આનંદકંદ આત્માનો અનુભવ અંદરથી કેમ પ્રગટે? આવી જેને ચિંતા પ્રગટી છે તે આત્માનું જીવન પણ, સંત આચાર્ય કહે છે કે ધન્ય છે, સંસારમાં તેનું જીવન પ્રશંસનીય છે. ૬૬.

* ભગવાન આત્મા જ્ઞાતાનો ભંડાર, તેનાથી ભિન્ન જેટલો ભાવ—જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે તે ભાવ પણ—પરભાવ પરભાવ પરભાવ છે. જો તને ચારગતિના દુઃખનો ભય લાગ્યો હોય તો ઈ પરભાવ છોડ. રાગ મને લાભદાયક છે એમ જે માને છે તે શરીરને જીવ માને છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે ને શરીર, કર્મ, રાગ, શુભાશુભભાવ તે બધું શરીર છે. રાગના કણને પોતાનો માને છે તે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે. ૬૭.

* મહામુનિઓને રાજા આદિનો સંગ થાય તે પણ મરણતુલ્ય લાગે છે. પુણ્યવંતમાં કાંઈક બધું સરખું રાખવું પડે...તેથી પુણ્યવંતોથી વૈરાગીઓને દૂર રહેવું સારું છે. ૬૮.

* હે જીવ! તને ક્યાંય ન ગમે તો તારો ઉપયોગ પલટાવી નાખ, જગતમાં ક્યાંય ગમે તેવું નથી, એક આત્મામાં ગમે તેવું છે માટે ત્યાં ઉપયોગ લગાવી દે. પ્રવચનસારમાં તો કહે છે કે શુભ-અશુભ બન્ને ભાવ દુઃખરૂપ છે. અશુભના ફળમાં નરક અને શુભના ફળમાં સ્વર્ગના ભોગ મળે પણ એ ભોગમાં લક્ષ જાય એ ભાવ પણ અશુભ હોવાથી દુઃખ છે. તેથી અશુભનું ફળ નરક ને શુભનું ફળ સ્વર્ગ ત્યાં પણ દુઃખ જ છે તો શુભ-અશુભના ફળમાં ફેર ક્યાં રહ્યો? એ બન્ને દુઃખના કારણ છે તો એ શુભને ઠીક કેમ કહેવાય? પ્રભુ! જેના ફળમાં દુઃખ છે એવા શુભ તને રુચે છે કેમ? ૬૯.

* આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે? જો આ ભવ વ્યર્થ

ગુમાવ્યો તો ફરી આવો ઉત્તમ યોગ ક્યારે મળશે? તું વિપરીત માન્યતા છોડવા માટે મરણિયો પ્રયત્ન કર. મરીને પણ તું પ્રયત્ન કર એટલે કે ગમે તેવા પ્રસંગો હોય મિથ્યાત્વ છોડવાનો ઉગ્ર પ્રયત્ન કર. શાતા-અશાતામાં તું રોકાઈ ગયો પણ એ તો તારાથી ભિન્ન છે. હમણાં અનુકૂળતા નથી માટે પછી પ્રયત્ન કરીશ-એમ તું અટકી ગયો પણ શાતા-અશાતાથી તો તું ભિન્ન છે. શરીરમાં રોગ-નિરોગ હો પણ તે તો તારાથી ભિન્ન છે. અરે! શુભાશુભ ભાવોથી પણ તું ભિન્ન છો. શુભાશુભભાવો તો આકુળતામય છે. ભગવાનની ભક્તિ-પૂજા-સ્મરણ કે શાસ્ત્રરચના-વંદના એ બધાં શુભભાવો તો આકુળતામય છે, પ્રભુ તો તેનાથી ભિન્ન નિરાકુળ જ્ઞાયકપ્રભુ છે. ૭૦.

* આકુળતામય શુભાશુભભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયક-સ્વભાવ છે. તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય-એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે. ૭૧.

* ભગવાન આત્મા શક્તિરૂપે પરમાત્મા હતો, તેનું ધ્યાન કરીને વર્તમાન પર્યાયમાં સિદ્ધ ભગવાન પરમાત્મપદને પામી ગયા. વસ્તુ તો શુદ્ધ હતી જ પણ તેનું ધ્યાન કરતાં તેની દશામાં પરમાત્માદશા એ આત્માએ પ્રાપ્ત કરી. એવા પરમાત્માને ઓળખીને મારા લક્ષમાં લઈને એવા સિદ્ધપરમાત્માને હું નમસ્કાર કરું છું. શ્રી સમયસારમાં લીધું છે કે ભાઈ! સિદ્ધપરમાત્માને નમસ્કાર કોણ કરી શકે?-કે જે હૃદયમાં-જ્ઞાનની દશામાં સિદ્ધપદને સ્થાપી શકે અને વિકાર આદિ મારામાં નથી, હું પૂર્ણાનંદ સિદ્ધ સમાન શક્તિએ છું—એમ જે શ્રદ્ધા-જ્ઞાનમાં સિદ્ધને સ્થાપે એ સિદ્ધને ખરો નમસ્કાર કરી શકે. ઊર્ધ્વ રહ્યાં છતાં સિદ્ધોને હેઠે ઉતારું છું કે પ્રભુ! પધારો પધારો મારે આંગણે પધારો. સિદ્ધને આદર દેનારના આંગણા કેટલા ઉજળા હોય! રાજા આવે તોય

આંગણું કેટલું સાફ કરે છે! અનંત અનંત સિદ્ધોને હું વંદન કરું છું એટલે કે એ સિવાય રાગનો, અલ્પજ્ઞતાનો, નિમિત્તનો આદર દૃષ્ટિમાંથી હું છોડી દઉં છું. અમારા આંગણાં ઉજળા કર્યાં છે પ્રભુ! આપ પધારોને! પોતાની જ્ઞાનકળાની પ્રગટ દશામાં અનંત સિદ્ધોને સ્થાપે છે કે આવો પ્રભુ! નિર્વિકલ્પ પર્યાયમાં પ્રગટ થાઓ. આવો.—એવી જેની દૃષ્ટિ થઈ છે તે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયના આંગણે પધરાવે છે અને તેણે ભગવાનને નમસ્કાર કર્યાં કહેવામાં આવે છે. ૭૨.

* આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે. કળશ ટીકામાં યત્નસાધ્ય નથી, કાળલબ્ધિથી થાય એમ કહ્યું છે એ તો અર્ધપુદ્ગલપરાવર્તન કાળ બાકી રહ્યો હોય ત્યારે જ આત્મપ્રાપ્તિ થાય એવો સિદ્ધાંત છે એ વાત ત્યાં સિદ્ધ કરવી છે. એને વિશ્વાસ આવી જવો જોઈએ કે મારો સ્વકાળ આવી જ ગયો છે સબ અવસર આવી ગયો છે એમ વિશ્વાસ આવી જવો જોઈએ. સંસારમાં તો તેને રુચતી વાત તરત જ કરીશ એમ કહે છે. જે વસ્તુ તેનાથી થઈ શકતી નથી એને તરત જ કરવા કહે છે તો જે વસ્તુ પોતાની જ છે પોતાથી જ થઈ શકે છે એ તરત જ કેમ ન થાય? એને શ્રદ્ધામાં રાખવું કે હું તો તરવાને પંથે જ જઈ રહ્યો છું, મારે એકાદ ભવ છે. જેમાં ભવ નથી એની દૃષ્ટિમાં ભવ હોય જ નહિ. ૭૩.

* ભગવાન પૂરણ શુદ્ધ નિર્મળાનંદ છે અને એ સિવાયના દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ ને દેહની ક્રિયા તેને પોતાની માનનારો, તેને ભિન્ન નહીં માની શકનારો આત્મા બહિરાત્મા છે. રાગાદિના પરિણામ જે આસ્રવતત્ત્વ છે તે બહિરતત્ત્વ છે, તેને આત્માના હિતરૂપ માનનારો બહિરાત્મા છે. કર્મજન્ય ઉપાધિના સંસર્ગમાં આવીને ક્યાંય પણ ઉલ્લસિત વીર્યથી હોંશ કરવી એ બહિરાત્મા છે. ભગવાન આત્માનો ઉલ્લસીત વીર્યથી આદર છોડીને બહારના કોઈ પણ ઉપાધિ ભાવ કે કર્મજન્ય સંયોગના સંસર્ગમાં આવતાં તેમાં વીર્ય ઉલ્લસિત થઈ જાય કે "આહાહા! આહાહા!"—એમ પરમાં વિસ્મયતા થઈ જાય તેને બહિરાત્મા કહે છે. અંતરના આનંદથી રાજી ન થયો ને બહારના શુભા-

શુભભાવ ને એના ફળ કે જે આત્માના સ્વભાવથી બાહ્ય વર્તે છે તેમાં ખુશી થયો, તેમાં આત્માપણું માન્યું એને બહિરાત્મા મિથ્યાદષ્ટિ કહે છે. ૭૪.

* દ્રવ્યલિંગી ૨૮ મૂલગુણ પાળીને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે તોપણ પુણ્યને ધર્મ માન્યો છે ને શરીરની ક્રિયા મારાથી થાય છે તેમ માનીને મિથ્યાત્વને પાળ્યો છે. નવમી ગ્રૈવેયકે ગયો પણ આ મિથ્યાત્વભાવને ટાળ્યો નહિ અજ્ઞાની જ્યાં સુધી આત્મા શુદ્ધ જ્ઞાયક છે તેવી દષ્ટિ નહીં કરે અને પરપદાર્થમાં ઇષ્ટ–અનિષ્ટના ભાગલા પાડશે ત્યાં સુધી તેને ૮૪ ના અવતાર ચાલ્યા કરશે પણ 'હું ચૈતન્યમૂર્તિ છું–શુદ્ધ જ છું, રાગનો કણ પણ કરવો તે મારા સ્વરૂપમાં નથી'—એમ સ્વભાવની દષ્ટિ કરશે તો રાગદ્વેષ રોકાઈ જશે, ટળી જશે. ૭૫.

* બાપુ! આત્મામાં આનંદ છે, બીજે ક્યાંય આનંદ છે નહીં. શુભભાવ કર્યા હોય તોપણ સ્વર્ગમાં આનંદ ક્યાંય છે નહીં. બહારની અગવડતા જરીક ઓછી થાય ત્યાં તો રાડે રાડ પાડે ને જરાક સગવડતા આવે ત્યાં તો ફુલી જાય પણ બાપુ! એમાં છે શું? સનેપાત થયો છે સનેપાત! ભાઈ સુખ તો આત્મામાં છે બાપુ! સમકિતીને શુભભાવના ફળમાં સ્વર્ગ મળે પણ તેમાં તે સુખ માનતો નથી. અજ્ઞાનીને તો હાય...હાય....શરીર સારાં હતા ત્યારે આ કર્યું નહીં ને તે કર્યું નહીં ને હવે...એમ ચિંતા ચિંતા કરીને મરીને હાલ્યો જાય નરકમાં ને નિગોદમાં....૭૬.

* લોકો જાણે કે બહારમાં ફેરફાર કરી નાખીએ ને બહારના સંયોગ ભેગા કરીને તેમાંથી સુખ મેળવી લઈએ, પણ અરે ભાઈ! તારું સુખ સંયોગમાં નથી. અરે! જુઓ તો ખરા! આ સર્વજ્ઞની વાણી! સંતોની રચના તો જુઓ! સર્વજ્ઞના માર્ગ સિવાય બીજાનો એક અક્ષર પણ સાચો નથી, બીજું તો બધુંય વિપરીત છે. સત્ય વાત સમજ્યા પહેલાં પણ ઓઘે ઓઘે તેનું બહુમાન કરીને જે હા પાડે છે, તે જીવને બીજી વિપરીતતાનો આદર કરનારા જીવો કરતાં તો ફેર પડ્યો

છે. ભલે હજી સ્વભાવની દૃષ્ટિ ન પ્રગટી હોય, પણ અસત્યનો આદર કર્યો તેનામાં પણ તેટલો તો ફેર પડ્યો છે કે નહિ? ભવનો અભાવ તો સ્વભાવની દૃષ્ટિ કરશે ત્યારે જ થશે પણ ત્યાર પહેલાં અસત્યનું પોષણ છોડીને સત્યનું પોષણ છોડીને સત્યના આદરનો ભાવ પણ જેને ન આવે તેને તો સ્વભાવમાં જવાની પાત્રતા પણ ક્યાંથી આવશે? અખંડ સ્વભાવની દૃષ્ટિ પ્રગટ્યા પહેલાં તેના બહુમાનપૂર્વક શ્રવણ–મનનનો ભાવ આવ્યા વગર રહેતો નથી. સત્યનો હકાર લાવીને તેનો આદરભાવ પણ જે પ્રગટ ન કરે તેને તો અંતરસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરવાનો અવસર પણ આવતો નથી. ૭૭.

* તત્ત્વાનુશાસનમાં ૧૬૨ શ્લોકમાં લખ્યું છે કે 'સ્વ-પર પ્રતિભાસ સ્વરૂપ તારો સ્વભાવ છે.' સ્વ અને પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે. આવો પોતાને અચિંત્ય સ્વભાવવાન ન માનતાં હું રોગી, હું કાળો, હું રૂપાળો, હું પૈસાવાળો એમ પરપદાર્થમાં અને વિભાવમાં પોતાની અસ્તિ માનવી તે આત્માને કલંક છે. ૭૮.

* સતીઓ સત્ નવ છોડીએ, સત છોડીયે સત્ જાય.

એમ ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્તમ્ સત્ છે. દરેક પર્યાયનો ઉત્પાદ પોતાથી સત્ છે. એ સત્ પર્યાયને આડી–અવળી કરીશ નહિ. બીજાથી સત્ પર્યાયનો ઉત્પાદ થાય તેમ માનીશ નહિ. જે પર્યાયનો ઉત્પાદ થાય છે તે પૂર્વ પર્યાયના વ્યયથી—અભાવથી થાય છે પણ નિમિત્તથી ઉત્પાદ થતો નથી. ભાઈ! સુખી થવું હોય તો સત્ જેમ છે તેમ તારી શ્રદ્ધા રાખજે. આહાહા! આવી સ્વતંત્રતાની વાત જૈનદર્શન વિના બીજે ક્યાંય નથી. ૭૯.

* રાગ હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગની સન્મુખતાથી ખસીને અંદર જ્ઞાયક સન્મુખ ઢળે એટલે બસ! પર્યાયે ત્રિકાળીનો સ્વીકાર કર્યો. પહેલાં પર્યાય પર્યાયનો સ્વીકાર કરતી હતી ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ને પર્યાયે દ્રવ્યનો સ્વીકાર કર્યો એટલે સમ્યગ્દૃષ્ટિ થયો. આ તો અંદરથી આવેલી વસ્તુ છે. દુનિયા ગમે તેમ કહે પણ વસ્તુ છે તે ફરે તેમ નથી. વસ્તુ તો વસ્તુરૂપે જ રહેશે. ૮૦.

* પર્યાયબુદ્ધિવાળો જીવ સંયોગમાં જ સુખ માને છે. અંતરના સ્વભાવની દૃષ્ટિ કરતો નથી પણ રાગાદિ વર્તમાન પરિણામમાં તથા બહારના વિષયોમાં તે સુખ માને છે. રાજા થાય તો રાજ્યપદમાં સુખ માને છે ને વિષ્ટાનો કીડો થાય તો વિષ્ટામાં સુખ માને છે, પણ હું તો સિદ્ધ જેવો ચિદાનંદ સ્વભાવી છું—એવું ભાન અજ્ઞાની કરતો નથી. ૮૧.

* શ્રદ્ધાનમાં વિપરીતતા હોવાથી સમ્યક્ અટકે છે–થતું નથી અને પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અટકે છે—પ્રગટતું નથી. છતાં સમ્યક્ નહિ થવામાં શ્રદ્ધાનની વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાય સમાન અલ્પ જાણે છે; તે ડુંગર જેવડા મહાન દોષને છેદી શકે નહિ. ૮૨.

* મુનિરાજ જાણે વીતરાગની મૂર્તિ હોય એ રીતે પરિણમી ગયા છે. રાગદ્વેષના અંશના કણ વિના એકલી વીતરાગતાની મૂર્તિ મુનિરાજ છે. મુનિને તો ત્રણ કષાયનો અભાવ થયો છે, તે મુનિરાજને શાન્તિનો સાગર ઊછળે છે. મુનિરાજ તો જાણે વીતરાગની મૂર્તિ છે. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ છે ને મુનિરાજ તો પર્યાયમાં વીતરાગની મૂર્તિ છે. શ્રી નિયમસારના કળશમાં તો કહ્યું કે અરેરે! આપણે જડમતિ છીએ કે મુનિરાજમાં ને સર્વજ્ઞમાં ભેદ જાણીયે છીએ! આહાહા! મુનિરાજ તો જાણે સાક્ષાત વીતરાગની મૂર્તિ હો એ રીતે પરિણમી ગયા છે.—એને મુનિ કહીયે. ૮૩.

* માત્ર સંસાર અશરણ ને અનિત્ય છે તેમ માને પણ અંદર ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદ ને પૂરણ શાંતિથી ભરેલો છે તેમ દૃષ્ટિ કરતો નથી તેને ચૈતન્યની સમીપતા થતી નથી, પરંતુ ચૈતન્યની મહિમાપૂર્વક વિભાવોનો મહિમા છૂટી જાય છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ શુભાશુભ રાગથી વિરક્ત થઈ જાય છે. ચૈતન્યની સમીપતા ને શુભાશુભ રાગની વિરક્તી બન્ને એક સાથે થાય છે. ૮૪.

* નરકમાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? પ્રભુ! ભવભ્રમણના

અભાવનો તેં કદી પ્રયત્ન કર્યો નહીં તેથી એવા અસહ્ય દુઃખો તેં સાગરોપમ સુધી અનંતવાર ભોગવ્યાં. નરકનાં દુઃખો કરોડો જીભે ને કરોડો ભવમાં ન કહી શકાય એવા દુઃખો તેં સહન કર્યાં. પ્રભુ! જે દુઃખો સાંભળ્યા જાય નહીં ત્યાં અનંત અનંત કાળ ગાળ્યો. અનંતકાળે એકવાર મનુષ્યભવ મળે તોપણ અનંતવાર મનુષ્યભવ મળ્યો ને તેના કરતાં અસંખ્યગુણા અનંતા નરકનાં ભવ તેં કર્યાં, ત્યાં અસહ્ય દુઃખો તેં સહન કર્યાં, તેનો ગંભીરતાથી વિચાર તો કર બાપુ! ૮૫.

* સર્વજ્ઞદેવ લોકાલોકને જાણે છે ને સ્વક્ષેત્રમાં રહીને જાણે છે. તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં ત્રણ કાળ ત્રણ લોકના બધાં સ્વ-પર જ્ઞેયો, જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયા હો તેમ એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય વીતી ગઈ છે ને જે પર્યાય થવાની બાકી છે તે બધાંને પણ પૂરું જાણે છે, પ્રત્યક્ષ જાણે છે. છદ્મસ્થને પણ લોટના પિંડાનું ગોયણું જોઈને પૂર્વે લોટ હતો ને હવે રોટલી થશે એમ સ્પષ્ટ ખ્યાલમાં આવે છે તો કેવળજ્ઞાનીની તો શું વાત કરવી! ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે છે અને એવો જ તારો સ્વભાવ છે, માટે તું નિમિત્તનું, રાગનું ને અલ્પજ્ઞાનનું લક્ષ છોડી દે. અંદરમાં સર્વજ્ઞ સ્વભાવ છે તેની દૃષ્ટિ કર. આ આત્મામાં જ્ઞાનશક્તિ કોઈ અદ્ભુત છે. ૮૬.

* હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી–પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી. ૮૭.

* સ્વભાવની કિંમત આવતાં રાગ–દ્વેષ, પૈસા, ભોગાદિની કિંમત ઊડી જાય છે. અતીન્દ્રિય સુખની દૃષ્ટિ થતાં ઇન્દ્રિયસુખ અને તેના નિમિત્તો સંયોગી પદાર્થ અને પુણ્ય–પાપભાવની કિંમત ઊડી જાય છે. મનુષ્યદેહમાં આ વસ્તુ પામવાનો અમૂલ્ય અવસર છે તેને જો જીવ ચૂકી જશે તો ચોરાશીના અવતારની ખીણમાં ચાલ્યો જશે ત્યાંથી તેને બચાવનાર કોઈ નથી. ૮૮.

* શરીર–ધન–મકાન આદિ અનુકૂળતાં દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબઘર છે તેનું કુતૂહલ તો કર ! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા–આટલા વખાણ ને મહિમા કર્યો છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર ! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો ! તેને દેખવા–અનુભવવાનું કુતૂહલ તો કર ! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકુળ યોગમાં એકવાર કુતૂહલ તો કર ! ૮૯.

* પોતાના સિવાય સ્ત્રી આદિ પર પદાર્થમાં રાગ કરે એટલે એના પ્રત્યે પ્રેમ છે તો બીજા પ્રત્યે દ્વેષ હોય જ છે. સમ્યગ્દષ્ટિ તો હું જ્ઞાતાદષ્ટા છું એવી દષ્ટિ હોવાથી જગતમાં કોઈ પદાર્થ એને પ્રેમ કરવા લાયક છે જ નહીં. આત્મા તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે; એનું ભાન થયું કે હું તો જ્ઞાતા–દષ્ટા ચૈતન્ય છું, મારા સિવાય અન્ય પદાર્થ અનંત છે તે મારા જ્ઞેય છે, જાણવા લાયક છે, એવું ધર્મી જીવ જાણે છે. પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાન આનંદરૂપ છે એવી દષ્ટિ થઈ છે તેથી જ્ઞાની પોતાના સિવાય અનંત પદાર્થના બે ભાગ કરતા નથી. એક ઈષ્ટ છે ને એક અનિષ્ટ છે એવા ભાગ સમ્યગ્જ્ઞાની કરતા નથી. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદરૂપ છે એવું જેને ભાન નથી એવા અજ્ઞાની પ્રાણી, જગતના બધા પદાર્થ જ્ઞાનમાં જ્ઞેય તરીકે હોવા છતાં એક ઠીક છે, ગ્રહણ કરવા લાયક છે, એક અઠીક છે, દ્વેષ કરવા લાયક છે એમ બે ભાગ કરે છે. ૯૦.

* ઉત્પાદ–વ્યય વિનાનું ધ્રુવ, મોક્ષની પર્યાયને કરતું નથી. નિશ્ચયથી ધ્રુવ છે તે ઉત્પાદ–વ્યયનો હેતુ નથી, ઉત્પાદ છે તે વ્યય કે ધ્રુવનો હેતુ નથી તથા વ્યય છે તે ઉત્પાદ કે ધ્રુવનો હેતુ નથી. બંધનો ને મોક્ષનો—બંને ભાવોનો કર્તા ધ્રુવ નથી, કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા પણ ધ્રુવવસ્તુ નથી. ૯૧.

* અરિહંત ભગવાન અત્યારે ભરતક્ષેત્રમાં નથી પણ મહાવિદેહમાં વર્તમાનમાં સીમંધર ભગવાન અને લાખો કેવળીઓ બિરાજે છે. અરે! એ અરિહંત ભગવાન ને લાખો કેવળીઓની સત્તાનો સ્વીકાર કરીને અંદરમાં નમન એ કોઈ અપૂર્વ વાત છે. અહો! અરિહંત પરમાત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાયને જેણે જાણ્યા, દ્રવ્ય-ગુણ તો ઠીક પણ એની પર્યાયમાં આટલું સામર્થ્ય છે એવું જેણે જ્ઞાનમાં જાણ્યું ને જાણીને અંતરમાં હું એની નાતનો ને જાતનો આવો આત્મા છું—એમ અરિહંત પરમાત્માના સ્વરૂપ સાથે એના આત્માના દ્રવ્યને મેળવે છે ને અંદરમાં જાય છે ને પૂરણ સ્વરૂપની પ્રતીત કરે છે ત્યાં એને સમકિત થાય છે અને સમકિત થયું એટલે કેવળજ્ઞાન લીધે છૂટકો. ૯૨.

* વિષ્ટાના ભમરાને ફૂલનો ભમરો ફૂલમાં સાથે લઈ ગયો ને પૂછયું કે એલા અહીં કેવી સરસ સુગંધ આવે છે? ત્યારે ઈ કહે કે મને તો એવી ને એવી ગંધ લાગે છે! ફૂલનો ભમરો વિચારવા લાગ્યો કે આ શું? પેલા ભમરાના નાકમાં જોયું તો વિષ્ટાની નાની નાની ગોળી નાકમાં રાખીને આવ્યો હતો એટલે ગુલાબ પર બેઠેલો તોપણ ગંધ તો વિષ્ટાની જ આવે ને! તેમ ભ્રમણા રાખીને જોવે છે એટલે એને ખબર પડતી નથી. પરપદાર્થને અપકારક-ઉપકારક માનનારી ભ્રમણા છે, એ ભ્રમણાની ગોળી એણે ખાધી છે. પરંતુ પરપદાર્થ અપકારક કે ઉપકારક છે નહીં. આત્માનો આનંદ તે આત્માને ઉપકારક છે ને રાગાદિ છે તે આત્માને અપકારક છે. એ સિવાય કોઈ પરપદાર્થ આત્માને ઉપકારક કે અપકારક છે નહીં—એમ એણે શ્રદ્ધા કરીને આત્માનું જ્ઞાન કરવું. ૯૩.

* કુંદકુંદઆચાર્યદેવ અષ્ટપાહુડ ગ્રંથમાં કહે છે કે હે જીવ! તેં ભૂતકાળમાં એટલી માતાઓને તારા મૃત્યુ પાછળ રડાવી છે કે તારી એક એક ભવની એ માતાઓના આંસુઓને ભેગા કરતાં સમુદ્રો ભરાય. આવા અનંત ભૂતકાળ કરતાં પણ તારો ભવિષ્યકાળ અનંતગુણો મોટો છે, જો તારા આત્માની સંભાળ ન કરી અને દેહ, ધન, પરિવારમાં જ આ અમૂલ્ય મનુષ્યભવને વેડફી નાખીશ તો તારો ભવિષ્યકાળ પણ ભૂતકાળની માફક અનંત દુઃખમાં જ વ્યતીત થશે. કાળની આ અનંતતાનો

ગંભીરતાથી વિચાર કરીને, ભૂતકાળના દુ:ખોને યાદ કરીને ભવિષ્યમાં તેવા દુ:ખો ન ભોગવવા પડે તે માટે હવે તો જાગૃત થા! એકવાર તો તારા આત્માની દયા કર! ૯૪.

* ઇન્દ્રિયસુખનો કામી જીવ ઇન્દ્રિયવિષયોના સહકારી કારણોને છોડતો નથી. સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, મકાન, આબરૂ એ બધાં મારા સુખના સાધન છે–એમ માનનારો તેમાંથી રુચિ છોડી શકતો નથી. બાલ્યાવસ્થામાં માતા-પિતા દ્વારા પાલન-પોષણ અને લાડ-પ્યાર મળે છે તેથી બાળકને માતા-પિતા પ્રત્યે તીવ્ર મોહ થાય છે. યુવાનીમાં સ્ત્રી અને પુત્ર–પુત્રીથી ઇન્દ્રિયસુખ મેળવે છે તેથી તેનો મોહ કરે છે. જે મિત્રોથી અને નોકર–ચાકરથી ઇન્દ્રિયસુખમાં સહકાર મળે છે તેને સારાં માની રાગ કરે છે અને જે સુખમાં બાધક થાય તેને દુશ્મન સમજી દ્વેષ કરે છે. આમ બધાં પ્રાણી ઇન્દ્રિયસુખના સ્વાર્થ ખાતર બીજા પ્રત્યે મોહ કરે છે પણ આત્માનું સુખ એ જ વાસ્તવિક સુખ છે અને ઇન્દ્રિયસુખ એ તો દુ:ખ છે એવી જો તેને પ્રતીતિ થાય તો ઇન્દ્રિયસુખના નિમિત્તોને પણ સહકારી માને નહિ અને તેમાં મોહ કરે નહિ. ૯૫.

* અહા! જ્ઞાનીને ઇષ્ટ–અનિષ્ટ વસ્તુ કોઈ છે જ નહિ. જો હોય તો, ઇષ્ટ પોતાનો સ્વભાવ ને અનિષ્ટ રાગ–દ્વેષાદિ. તે સિવાય ત્રીજી કોઈ ચીજ હોતી નથી. પોતાના આનંદકંદ સ્વભાવની રુચિ કરવી તે ઇષ્ટ છે ને પુણ્ય–પાપના વિકલ્પ તે અનિષ્ટ છે. ઝીણી વાત છે, ભાઈ! શ્રદ્ધાની વાતની લોકોને ખબર જ નથી ને બહારના ત્યાગ કરીને માને છે કે અમે ત્યાગી છીએ. પણ ભાઈ! આત્મા પરમાર્થે રાગનો ત્યાગ કરનાર પણ નથી. કેમકે રાગનો ત્યાગ કરે તેવું સ્વરૂપમાં નથી, સ્વરૂપ તો શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ થતાં રાગ ઉત્પન્ન થતો નથી, તેને રાગ ટાળ્યો તેમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આવી વાત છે ભાઈ! ૯૬.

* 'વળી વિષયસુખાદિનાં ફળ નરકાદિક છે,' વિષય સુખ સેવશું તો નરકમાં જશું એમ અજ્ઞાનીને ડર લાગે છે. પણ વિષય સેવવાનો ભાવ જ દુ:ખરૂપ છે ને આત્મા આનંદરૂપ છે તેવી તો દૃષ્ટિ કરતો નથી. 'શરીર અશુચિમય અને વિનાશિક છે, પોષણ કરવા યોગ્ય નથી'–આમ

માનનારા પણ મિથ્યાદષ્ટિ છે. કેમકે એ તો દ્વેષ થયો. પરદ્રવ્યને શું છે? સમ્યગ્દષ્ટિ તો તે પોષવાયોગ્ય છે કે નથી તેની દષ્ટિ છોડી, આત્મા આનંદકંદ છે તેમ તેની દષ્ટિ કરે છે. 'તથા કુટુંબાદિક સ્વાર્થનાં સગાં છે.' માટે છોડવા–એમ માનનાર પરદ્રવ્યને અહિતકર માને છે જે મિથ્યાત્વ છે. ભાઈ! તું પોતે અજ્ઞાનથી લૂંટાય છો ત્યારે તેને લૂંટારા કહેવાય છે. અને તે તો પરચીજ તને નુકશાન ક્યાં કરે છે? પણ પરદ્રવ્યમાં અનિષ્ટની માન્યતા તે જ નુકશાન–મિથ્યાત્વ છે. આમ અજ્ઞાની પરદ્રવ્યોનો દોષ વિચારી તેનો ત્યાગ કરે છે પણ એ તો મિથ્યા છે. કેમકે દોષ પોતાનો છે કે પરનો? પરમાં ઇષ્ટ–અનિષ્ટપણું માનવું તે પોતાનો દોષ છે. ૯૭.

* અરે! આ અધરી વાત નથી. સૌ પ્રથમ પોતાની અસ્તિ સ્વીકારવી એ તો એકડાની જ વાત છે. આત્માની સત્તા કેવડી અને કેમ પ્રાપ્ત થાય તે પહેલાં એકડાની વાત છે. વ્યવહાર, નિમિત્ત અને સંયોગોમાં લોકો એવા ટેવાઈ ગયા છે કે તેને આ વાત અસુરી લાગે છે પણ દેહદેવળમાં બિરાજમાન દેવની અસ્તિ તો પહેલાં જ સ્વીકારવાની છે. સમવસરણમાં બિરાજે ઈ ભગવાન તારા નથી. પહેલાં સત્યનો અંતરમાં સ્વીકાર કરવો, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું વિશ્વાસમાં લેવું તે આત્મખ્યાતિ છે. વિશ્વાસ લઈને અંતરમાં જવાશે. વસ્તુસ્વરૂપના વિશ્વાસ વગર બિલકુલ અંતરમાં જઈ શકાશે નહિ. ૯૮.

* ભવ-ભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. મિથ્યાત્વમાં અનંત ભવ પડ્યા છે પણ મિથ્યાત્વ કોને કહેવાય એની પણ લોકોને ખબર નથી. અરેરે! રાગની એકતા ને પરદ્રવ્યની એકતા તે મિથ્યાત્વભાવ, पर्यायमूढा परसमया—એમ પ્રવચનસારમાં કહ્યું. પરચીજ તો દૂર રહી, શરીર–વાણી–મન–સ્ત્રી–પુત્ર–પૈસા, અરે! દેવ–શાસ્ત્ર–ગુરુ તો દૂર રહ્યા પણ જે એક સમયની પર્યાય છે તેમાં જે મૂઢ છે, ત્રિકાળી આનંદમૂર્તિ પ્રભુની દષ્ટિ ન કરીને જે એક સમયની પર્યાયની દષ્ટિ છે તે ભવભ્રમણનું કારણ છે. એ ભાવમાં ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ૯૯.

* નરકનાં દુઃખો સાંભળ્યા જાય એમ નથી. પગમાં કાંટો વાગવા જેટલું દુઃખ તારાથી સહન થતું નથી તો પછી જેના ગર્ભમાં અનંતા દુઃખો પડ્યા છે તે મિથ્યાત્વને છોડવાનો પ્રયત્ન તું કેમ નથી કરતો? તું શરીરને સ્પર્શતો નથી ને તેં માન્યું કે શરીર મારું છે—આ તેં શું કર્યું—શું માન્યું! વિપરીત માન્યતાના સ્થૂળ અસંખ્ય પ્રકાર ને સૂક્ષ્મ અનંત પ્રકાર છે. પરને મારી શકું કે જિવાડી શકું એ મિથ્યાત્વનો એક ભાગ છે—એમ સમયસારમાં પાઠ છે. પર અનંત ચીજોને પોતાની માની પણ ભાઈ! તારા સિવાય અન્ય ચીજને તું સ્પર્શતો પણ નથી અને તેં આ શું કર્યું! સત્ય બોલી શકું—એમ માન્યું પણ એ તો મિથ્યાત્વનો એક ભાગ છે. મિથ્યાત્વભાવને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી? ગફલતમાં કેમ પડ્યો છે? ૧૦૦.

* જીવને અટકવાના અનેક પ્રકાર છે. અટકવાનું શું છે તે વિચાર વિના બેસે નહીં. ક્યાં ભૂલ છે ને શું હું માનું છું? અતીન્દ્રિય આનંદ વિના જે કાંઈ બાહ્ય ક્રિયા છે તેમાં અટકે છે. હું વ્રત પાળું છું, બ્રહ્મચર્ય પાળું છું, વિશેષ જાણપણું છે—ઇત્યાદિ અસંખ્ય પ્રકારના અટકવાના કારણો છે. પ્રભુ! અનંત કાળે મનુષ્યપણું પામવું મુશ્કેલ છે; એ મનુષ્યપણું તને મળ્યું તો પ્રભુ! દુનિયાની વાત છોડી દે. હું કાંઈક છું—એવી દૃષ્ટિ છોડી દે. બધેયથી વિમુખ થા. માત્ર ચૈતન્યદરબારમાં અનંત અનંત શાંતિ ભરી પડી છે તેનું વેદન કર. બીજું બધું છોડીને આનંદકંદ પ્રભુના દરબારમાં જા. ૧૦૧.

* આ તો ભાઈ! તારા સ્વદેશમાં તને લઈ જવાની વાતો છે. તારો સ્વદેશ—સ્વભાવ છે ત્યાં તારું જ્ઞાન છે અને તેનું ભાન પણ ત્યાં જ થાય છે. અનુભવપ્રકાશમાં આવે છે 'તારા પરમેશ્વરને તું દૂર ન દેખ, તું તને પ્રભુપણે સ્થાપ.' તારો પરમેશ્વર તારી પાસે જ છે, વિકલ્પ કે વ્યવહારમાં તારો પ્રભુ નથી. તારું સામર્થ્ય તારી પાસે છે માટે તું તને પ્રભુપણે સ્થાપ! તારી પ્રભુતાનો સ્વીકાર કર! આ પ્રભુતાની પ્રતીતિનું અંતરથી જોર આવશે તો જ સ્વસંવેદન પ્રગટ થશે. ૧૦૨.

* જુઓને ક્ષણમાં દેહ છૂટી જાય છે ને બધું બદલી જાય. આહાહા! વૈરાગ્ય...વૈરાગ્ય...વૈરાગ્ય...આખી દુનિયા પ્રત્યે વૈરાગ્ય...વિકલ્પથી માંડીને આખી દુનિયા પ્રત્યે વૈરાગ્ય, પ્રભુ! તારે પરદ્રવ્યની સાથે સંબંધ શું છે? તારે ધ્યાન ક્યાં રાખવું છે? અંદર તારું ધ્યાન રાખવું છે કે તારાથી ભિન્ન તારાથી કાંઈ થઈ શકે નહિ એવા તારા શરીરનું ધ્યાન રાખવું છે? પુણ્ય-પાપના ભાવથી પણ વિરક્ત થાય તેને વૈરાગ્ય કહે છે. ૧૦૩.

* પોતાની લાયકાત પ્રમાણે જે શરીર મળ્યું છે તે શરીરપ્રમાણ આત્મા છે. શરીરપ્રમાણ હોવા છતાં શરીરથી પોતે જુદો છે. અરે પ્રભુ! તેં તારું નિજઘર જોયું તો નહિ પણ પોતાના ઘરની સંતો મહિમા કરે છે તે સાંભળી પણ નહિ! પછી આત્માનું હિત કરશું....પછી કરશું.... પછી કરશું...કરતો રહ્યો અને ભવ પૂરો થઈ ગયો. શરીર પલટે, કર્મ પલટે, પુણ્ય-પાપના ભાવ પલટે, રાગ-દ્વેષ પલટે પણ વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે તે દ્રવ્યસ્વભાવ કદી પલટતો નથી એવા તારા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કર તો ભવના અંત આવે. ૧૦૪.

* સમયસારમાં કહ્યું છે કે હું પર જીવને સુખી-દુઃખી કરી શકું છું એ માન્યતા મહા મિથ્યાત્વ છે. સૌ પોતાના પૂર્વના કર્મોના ઉદય પ્રમાણે આયુષ્ય અને સંયોગ લઈને આવે છે. તેમાં અન્ય કોઈ જીવ ફેરફાર કરી શકતો નથી, બૃહદ-સામાયિક પાઠમાં આવે છે કે જ્યારે મરણ આવે છે ત્યારે વૈદ્ય, બ્રાહ્મણ, સ્ત્રી, પુત્ર, માતા, નોકર, ચાકર કે ઇન્દ્ર આદિ કોઈ પણ બચાવી શકતું નથી. એક શરણભૂત માત્ર પોતાનો આત્મા છે એમ વિચાર કરીને સજ્જનોએ આત્મિક કામ કરવામાં વાર લગાવવી ન જોઈએ. આવો મનુષ્યદેહ, પાંચ ઇન્દ્રિય અને જૈનધર્મ મળ્યા પછી આત્મહિતના કાર્યમાં વાર ન લગાડીશ. આજે જ કરજે. અમૃતચંદ્ર આચાર્ય પ્રવચનસારમાં કહે છે કે આજે જ તારું હિત સાધી લે. વિલંબ ન કર! ૧૦૫.

પધારજો...! પુણ્યાર્જન-અપૂર્વ-અવસર! જરૂર પધારજો...!

ઘાટકોપર (મુંબઈ)માં

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા

[તા. ૧૬-૫-૯૪ થી તા. ૨૩-૫-૯૪]

* ઘાટકોપર (મુંબઈ)ના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ-શુદ્ધ-આમ્નાય-અનુયાયી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા, અધ્યાત્મતત્ત્વપ્રેમી સમસ્ત મુમુક્ષુસમાજને હાર્દિક અનુરોધ છે કે આગામી વૈશાખ સુદ ૬. સોમવાર, તા. ૧૬-૫-૯૪ થી વૈશાખ સુદ ૧૩, સોમવાર, તા. ૨૩-૫-૯૪ —આઠ દિવસ અમારા ઘાટકોપરમાં ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ પૂજ્ય બહેનશ્રીની ઉપકારછાયામાં અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવાનારા "શ્રી સીમંધર-સમવસરણ તેમ જ સીમંધરાદિ વિદેહી વીસ જિનવરોના દિગમ્બર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ"માં આપ સર્વે સપરિવાર તેમ જ મુમુક્ષુ-મિત્રમંડળ સહિત વિશાળ સંખ્યામાં પધારીને પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રસારિત ધર્મપ્રભાવનાની શોભામાં તેમ જ અમારા હર્ષોલ્લાસમાં અભિવૃદ્ધિ કરશો. આપના પધારવાથી આપ સર્વને વિધિનાયક શ્રી આદિનાથના પંચકલ્યાણકના જિનેન્દ્રભક્તિભીના ભાવવાહી મનોજ્ઞ કાર્યક્રમ ઉપરાંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમલથી પ્રતિષ્ઠિત બૃહદ્ મુંબઈના અન્ય જિનમંદિરોમાં બિરાજમાન વીતરાગ-ભાવવાહી વિશાલ જિનબિંબોના દર્શન-પૂજન આદિનો તથા ભવોદધિ-તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની ટેપમાં સંગૃહીત સ્વાનુભવપ્રધાન અધ્યાત્મ-અમૃતવાણીનો અને પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાનો, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનોનો વિશેષ લાભ પ્રાપ્ત થશે.

[**સૂચના** :—(૧) પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, અખંડ-દીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ અને પંચપરમેષ્ઠિમંડલવિધાન-પૂજાના ઇન્દ્રોની બોલી તા. ૧૫-૫-૯૪ રવિવારના રોજ તથા (૨) પંચકલ્યાણકના ઇન્દ્ર, કુબેર ઇત્યાદિની બોલી તા. ૧૬-૫-૯૪ સોમવારના રોજ બોલવામાં આવશે.]

નિમંત્રક :—
શ્રી ઘાટકોપર દિ, જૈન મુમુક્ષુમંડળ
ઘાટકોપર (મુંબઈ)
અધ્યક્ષ તેમ જ ટ્રસ્ટીગણ

એડ્રેસ :
શ્રી આદિનાથ નગર (પ્રતિષ્ઠા મંડપ)
નાથપાઈ નગર, ૯૦ ફૂટ રોડ, (સર્કલ આઉન્ડ)
ઘાટકોપર (ઇસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૭૭

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની
કલ્યાણકારી ૬૨મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે

## સમ્યક્ત્વ–મહિમા–પ્રકાશક

# ભકિત-પુષ્પો

∗ જે પુરુષ સમ્યગ્દર્શન વડે પદાર્થનો સમ્યક્ નિર્ણય કરીને ધર્મચક્રના ધારક તીર્થંકર થાય છે તેમના ચરણકમળ અમરપતિ, અસુરપતિ, નરપતિ અને સંયમીઓના પતિ ગણધરદેવ દ્વારા વંદનીક છે અને તેઓ લોકમાં ઉત્કૃષ્ટ શરણ છે.
(શ્રી સંમતભદ્રાચાર્ય. રત્નકરંડશ્રાવકાચાર)

∗ જ્ઞાન તથા ચારિત્રથી સમ્યગ્દર્શન ઘણું જ વિશેષ છે એમ જાણીને જ્ઞાની એનું સેવન કરે છે. એ કારણે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગનો કર્ણધાર કહ્યો છે. જેમ સમુદ્રમાં જહાજને નાવિક પાર કરે છે તેમ અપાર સંસાર-સમુદ્રમાં રત્નત્રયરૂપી જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન નાવિક સમાન છે.
(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)

∗ પ્રાણોનો નાશ કરનાર વિષનું ભક્ષણ કરવું સારું છે. વાઘ આદિ હિંસક જીવોથી ભરેલા વનમાં રહેવું સારું છે તથા અગ્નિની જ્વાળામાં પ્રવેશ કરવો પણ સારો છે પરન્તુ મનુષ્યે મિથ્યાત્વ સહિત જીવિત રહેવું સારું નથી.
(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)

∗ શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે—એમ અમે માનીએ છીએ. કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે.
(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)

∗ ભેદજ્ઞાનીના ચિત્તમાં શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વજગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, અંને નેત્ર રહિત, દિશા ભૂલેલું. ગાઢ નિદ્રામાં સૂતેલું અવિચારી, મૂર્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું, ગાંડા જેવું અને મોહ-ઠગોએ પોતાને આધિન કરેલું વ્યાકુળ થયેલું જણાય છે.
(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી)

* જેઓ શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતા નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધસ્વરૂપની દૃષ્ટિને) તજતા નથી.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરવો કે સંકલેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ.

(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી)

* પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરન્તુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપી વિષના સેવનપૂર્વક સ્વર્ગમાં રહેવું પણ ભલું નથી. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)

* મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેના કરતાં ધતૂરાથી ઉપજેલ મોહ સારો છે, દર્શન–મોહ અનંતાનંત જન્મ–મરણ વધારે છે. ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે. મિથ્યાદર્શન અનંતાનંત ભવપર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ–મરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી–આરાધના)

* હે ભવ્ય જીવ! સમ્યગ્જ્ઞાનની આરાધના કરો, આ સમ્યગ્જ્ઞાન પાપરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે. મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે. કામરૂપી સર્પને વશ કરવાને મંત્ર સમાન છે. મનરૂપી હાથીને વશ કરવાને સિંહ સમાન છે. આપદારૂપી મેઘને ઉડાડી દેવા પવન સમાન છે. સમસ્ત તત્ત્વનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપી માછલાને પકડવા જાળ સમાન છે.

(શ્રી શુભચંદ્રઆચાર્ય, જ્ઞાનાર્ણવ)

* જેને સમ્યગ્દર્શન જ શરણ છે તે પુરુષ શિવ અર્થાત્ નિરાકુળતા લક્ષણ મોક્ષ એનો અનુભવ કરે છે. કેવા છે શિવ? જેને વૃદ્ધાવસ્થા નથી, અનંતાનંતકાળ સુધી જ્યાં આત્મા ઝીર્ણ નથી થતો. જ્યાં રોગ, પીડા, વ્યાધિ નથી તથા અક્ષય અર્થાત્ જેમાં અનંત ચતુષ્ટય સ્વરૂપનો નાશ

નથી થતો. જ્યાં કોઈ પ્રકારની બાધા નથી, શોક, ભય, શંકા, જ્યાં નષ્ટ થઈ ગયા છે, સુખ તથા જ્ઞાનનો વૈભવ જ્યાં પરમપદને પ્રાપ્ત થયો છે. દ્રવ્યકર્મ તો જ્ઞાનાવરણાદિક, ભાવકર્મ રાગદ્વેષાદિક અને નોકર્મ શરીરાદિક એ પ્રકારે કર્મમળના અભાવથી વિમળ છે, એવી અદ્વિતીય સ્વરૂપ મોક્ષને સમ્યગ્દષ્ટિ જ અનુભવ કરે છે.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર )

* જે કોઈ જીવ અર્ધ નિમિષ એટલે આંખના ટમકાર માત્ર પણ પરમાત્મતત્ત્વમાં અનુરાગ કરે તો જેમ અગ્નિની કણી લાકડાના મોટા ગંજને બાળી નાખે તેમ તે જીવ સમસ્ત પાપોને બાળી નાખે છે.

( શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ )

* જેમ દૃઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરી કરતાં ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તે પ્રકારે સમજ્યો છે, તથા વાસ્તવિક આત્મ-શાંતિનો કોઈ અંશે જેને અનુભવ થયો છે, તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પામતો નથી. ( શ્રી આત્માનુશાસન )

* વહી સમ્યગ્દર્શન શુદ્ધ કહા ગયા હૈ જહાં આત્માકે સ્વરૂપમેં શંકા ન કી જાવે, ઉસી સમ્યક્ત્વમેં જમે રહના ચાહીએ. કિસી ભી સ્થાન પર રહો, કિસી ભી સ્થાન પર યહ સમ્યક્ત્વ પૈદા હો સકતા હૈ. યહ સમ્યક્ત્વ હી શ્રેષ્ઠ હૈ, દૃઢ હૈ વ પ્રમાણરૂપ હૈ. યહ સમ્યક્ત્વ કિસી જીવકે હી પ્રકાશ હોતા હૈ. કોઈ હી જીવકી દૃષ્ટિ અપને અર્થ પર જાતિ હૈ.

( શ્રી જ્ઞાનસમુચ્ચયસાર )

* જે તત્ત્વ જ્ઞાનરૂપ છે, પરમ મુનિગણો જેનું ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, જે તત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણ લોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં સ્થિત છે, જે તત્ત્વ દિવ્ય કેવળજ્ઞાન આદિ શરીરરૂપ છે અને જે તત્ત્વ શાંત જીવમાં સિદ્ધ (પ્રાપ્ત) થાય છે, તે તત્ત્વ જેના નિજમનમાં શુદ્ધ પ્રકાશમાન થાય છે તે જીવ મુક્તિને પામે છે.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ )

* ત્રણ લોકમાં એવું કોઈ સુખ નથી કે જે સમ્યગ્દર્શનરૂપી ધનના

પ્રભાવથી જીવને પ્રાપ્ત ન હો. તેથી જે જીવ સુખી થવા ઇચ્છે છે તેણે તે સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)

* મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ તેનું જે મહત્ત્વ છે તે સમ્યક્ત્વ સહિતપણાને લઈને છે. સમ્યક્ત્વ વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજનીક થઈ પડે. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન)

* ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ,
સીતલ ચિત્ત ભયૌ જિમ ચંદન ।
કેલિ કરૈ શિવ મારગમૈં,
જગમાહિં જિનેસુરકે લઘુનન્દન ॥
સત્યસરૂપ સદા જિન્હકૈ,
પ્રગટ્યો અવદાત મિથ્યાત–નિકંદન ।
શાંતદશા તિન્હકી પહિચાની,
કરૈ કર જોરિ બનારસિ વંદન ॥ (શ્રી સમયસાર નાટક)

* વિદ્યા એટલે જ્ઞાન અને વ્રત એટલે ચારિત્ર. એની ઉત્પત્તિ સ્થિતિ, વૃદ્ધિ અને ફળનો ઉદય તે સમ્યક્ત્વ વિના નથી થતો. જેમ “બીજ”નો અભાવ હોવાથી વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળનો ઉદય નથી થતો. (શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)

* આ સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયમયી જૈનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની ઔષધ છે. દુઃખોની મહાન આગને બુઝાવવા જળની વૃષ્ટિ છે તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે. (શ્રી પદ્મનંદિ આચાર્ય)

* આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર તો ચોરી નથી શકતા, પુત્રાદિ મર્યા બાદ લઈ નથી શકતા, રાજા છોડાવી નથી

શકતા, તથા બીજા લોકો આંખોથી જોઈ નથી શકતા. આ જ્ઞાનધન જેની પાસે હોય છે તે લોકમાં ધન્ય સમજાય છે.

( શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદેહ )

* જો પુરુષ અજ્ઞાની હૈ—વાસ્તવિકરૂપસે હિત-અહિતકો નહિ પહિચાનતે, ઉનકા પુત્ર-સ્ત્રી આદિ હી સંસાર હૈં, કિન્તુ જો વિદ્વાન હૈં, શાસ્ત્રોંકા અક્ષરાભ્યાસ તો કર ચુકે હૈં પરન્તુ આત્મધ્યાનસે શૂન્ય હૈં ઉનકા સંસાર શાસ્ત્ર હૈ. ( શ્રી યોગસાર-પ્રાભૃત )

* ભેદવિજ્ઞાની મહાત્મા ચૈતન્યસ્વરૂપના પ્રતિઘાતક એવા કર્મોના સમૂહનો ક્ષણુમાત્રમાં ક્ષય કરી નાંખે છે. કેવી રીતે?—કે જેવી રીતે અગ્નિ ઘાસના ઢગલાને ક્ષણુમાત્રમાં ભસ્મ કરી નાખે છે તેવી રીતે.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી )

* જે પ્રાણી જિનેન્દ્રભગવાન દ્વારા કહેલાં તત્ત્વોમાં એક ક્ષણુમાત્ર પણ શ્રદ્ધા કરે છે તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાની પરિપાટીને તોડી નાખે છે.

( શ્રી અમિતગતિ-આચાર્ય, સુભાષિતરત્નસંદોહ )

* જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે. જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને મમતા અને મમતા પ્રત્યે જેને દ્વેષ છે, જેમની દૃષ્ટિમાત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.

( શ્રી સમયસાર નાટક )

* જિનેન્દ્રના ભક્તો જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તે દેવો અપ્સરાની સભામાં ચિરકાળ સુધી રમે છે તથા અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વાદિ જે આઠ ગુણથી સંયુક્ત તથા સર્વ દેવોમાં ઉત્કૃષ્ટ એવી કાંતિ, તેજ, યશ એનાથી યુક્ત એવા સ્વર્ગલોકમાં રમે છે. ( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર )

* આ પ્રાણીને ત્રણકાળ તથા ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી અને મિથ્યાત્વ સમાન ત્રણકાળ તથા ત્રણલોકમાં અન્ય કોઈ અકલ્યાણ નથી.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર )

* સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,
સાચે સાચે વૈન કહેં સાચે જૈનમતી હૈં ।
કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ,
આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં ॥
સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા,
અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં ।
દાસ ભગવન્તકે ઉદાસ રહૈં જગતસૌં,
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ ॥

( શ્રી સમયસાર નાટક )

* અસંયમી સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોનું પ્રમાણ સાતસો કોટી છે.

( શ્રી ધવલા, પુસ્તક–૫ )

* જિન અર્થાત્ પરમાત્મા એમના સ્વરૂપમાં ભક્તિ અર્થાત અનુરાગ છે જેને એવા સમ્યગ્દૃષ્ટિ ભવ્ય છે. તેઓ આ મનુષ્યભવમાંથી સ્વર્ગલોકમાં જઈને અપ્રમાણ છે ઋદ્ધિ, શક્તિ, સુખ, વૈભવ જ્યાં એવા દેવેન્દ્રની મહિમા પામીને પાછા પૃથ્વીમાં આવીને બત્રીસ હજાર રાજાના મસ્તક પર પૂજનીય એવા રાજેન્દ્ર જે ચક્રવર્તીના ચક્રને પામીને ફરી અહમિન્દ્ર લોકની મહિમાને પામીને નીચે કર્યું છે સમસ્ત લોક જેમણે એવા ભગવાન તીર્થંકરના ધર્મચક્રને પામીને નિર્વાણને પ્રાપ્ત થાય છે.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર )

* અનંત સંસાર–ભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિ નિર્મળ

ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન )

* જેને દર્શનમોહ નથી એવા ગૃહસ્થ મોક્ષમાર્ગી છે અને જે મોહવાન એવા ગૃહરહિત અનગાર તે મોક્ષમાર્ગી નથી. એટલે જ મોહવાન મુનિની અપેક્ષાએ દર્શનમોહ રહિત ગૃહસ્થ છે તે ઉત્કૃષ્ટ છે.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર )

* સમ્યગ્દર્શનથી યુક્ત, ચંડાલના કુળમાં ઉત્પન્ન થયેલ જીવને પણ ગણધરદેવ 'દેવ' કહે છે, જેમ રાખથી ઢંકાયેલા અંગારાની અંદર તેજ છે. ( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૨૮ )

* જે જીવ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે તેઓ વ્રતરહિત હો તોપણ નારકપણે, તિર્યંચપણે, નપુંસકપણે તથા સ્ત્રીપણે ઉપજતા નથી તથા નીચકુળમાં જન્મ, વિકલાંગી થતા નથી તથા અલ્પ આયુના ધારક કે દરિદ્રી થતાં નથી. ( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર )

* જેને ઉજ્જવલ સમ્યગ્દર્શન છે, તે જીવ સ્વર્ગલોકમાં આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી અહીં મનુષ્યલોકમાં આવીને નવનિધિ ચૌદ રત્નના સ્વામી, સમસ્ત આર્યક્ષેત્રના બત્રીસ હજાર દેશના પતિ તથા બત્રીસ હજાર મુકુટબન્ધ રાજાના મસ્તક ઉપર મુકુટરૂપ છે ચરણ જેમનાં, એવા ચક્રને પ્રવર્તન કરવામાં સમર્થ ચક્રવર્તી થાય છે.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર )

* જે પુરુષ સમ્યગ્દર્શનથી પવિત્ર છે તેઓ મનુષ્યોના મંડન કરવાવાળા, સમસ્ત મનુષ્ય જાતિના મસ્તક ઉપર ધારણ કરવાયોગ્ય એવા મનુષ્યોનું તિલક છે તથા ઓજ, તેજ, વિદ્યા, વીર્ય, યશ, વિજય, વૈભવ એ સમસ્ત ગુણોનાં સ્વામી હોય છે, મહાન કુળનો સ્વામી થાય છે તથા મહાનધર્મ, મહાઅર્થ, મહાકામ, મહામોક્ષરૂપ ચાર પુરુષાર્થનો સ્વામી હોય છે. સમ્યગ્દર્શનના ધારણ કરવાથી એવા અપ્રમાણ પ્રભાવના ધારક મનુષ્યોના શિરોમણિ થાય છે.

( શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર )

* અનુભવના રસને જગતના પ્રાણીઓ જ્ઞાનીઓ રસાયણ કહે છે. અનુભવનો અભ્યાસ તીર્થભૂમિ છે. અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે. અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ–મોક્ષમાં લઈ જાય છે. એનો આનંદ કામધેનુ અને ચિત્રાવેલી સમાન છે. એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે. એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી.

(કવિવર બનારસીદાસજી, નાટક સમયસાર)

* જિનેંદ્ર ભગવાનનાં ચરણકમળને અવલોકન કરતી એવી સમ્યગ્દર્શનરૂપ લક્ષ્મી છે. તે કામી પુરુષના સુખની ભૂમિ એવી કામિનીની જેમ મને સુખી કરો તથા શુદ્ધસ્વભાવની—શુદ્ધશીલની ધારક માતા જેમ પુત્રનું પાલન કરે તેમ મારું પાલન કરો તથા શીલ આદિ ગુણ છે આભૂષણ જેનું એવી કન્યા કૂળને પવિત્ર કરે તેમ મને પવિત્ર કરો, ઉજ્જવલ કરો. (શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર)

* જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહાવનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોને નાશ કરે છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર)

* જાકે ઘટ પ્રગટ વિવેક ગણધર કૌસૌ,
હિરદૈ હરખિ મહામોહકૌં હરતુ હૈ.
સાચૌં સુખ માનૈ નિજમહિમા અડૌલ જાનૈ,
આપુહી મૈં આપનૌ સુભાઉ લે ધરતુ હૈ.
જૈસેં જલ કર્દમ કતકફલ ભિન્ન કરૈ,
તૈસૈં જીવ-અજીવ વિલછનુ કરતુ હૈ.
આતમ સકતિ સાધૈ ગ્યાનકૌ ઉદૌ આરાધૈ,
સોઈ સમકિતી ભવસાગર તરતુ હૈ. (સમયસાર નાટક)

* ઇન્દ્રિયોના વિષયોથી તથા ત્રસ–સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી પરન્તુ જિનેન્દ્રદેવ દ્વારા કથિત પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દષ્ટિ છે. (આચાર્ય શ્રી નેમીચંદસિદ્ધાંતીદેવ, ગોમટ્ટસાર)

* બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે—બંધાય છે. અને બહુ પ્રકારનાં યોગોમાં વર્તતો સમ્યગ્દૃષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મરજથી લેપાતો નથી.

(શ્રી કુંદકુંદ આચાર્ય, બંધ-અધિકાર)

* સર્વ રત્નોમાં મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં સમ્યક્ત્વ ઉત્તમ યોગ છે. કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમા આદિ ઋદ્ધિઓમાં પણ સમ્યક્ત્વ મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીયે? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. (સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

* એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણલોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિત કાળ પછી ત્યાંથી પતન થશે જ અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણલોકના રાજ્ય કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. (શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના)

* શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસારસમુદ્રથી તરવા માટે તે જહાજ છે. માત્ર ભવ્ય જીવો જ પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વનો તે હણનાર છે. (શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)

* સમ્યગ્દર્શન ચંદ્રમાકે બિંબ સમાન પ્રકાશિત હૈ. સર્વ ગુણોંકી ખાણી હૈ. તીન ભુવનકે પ્રાણીયોંસે વંદનીક હૈ. સમ્યગ્દર્શનકી કાંતિ યા શોભાસે તીન જગતકા ઘર પ્રકાશિત હૈ. અર્થાત્ સમ્યગ્દર્શનકી શોભા જગતવ્યાપી હૈ. યહ સમ્યગ્દર્શન પરમ જ્યોતિમય આત્માકી કાંતિ હૈ. ઇસ સમ્યગ્દર્શનકા અનુભવ કરના યોગ્ય હૈ. યહી અવિનાશી ઉત્તમ પદ હૈ. (શ્રી જ્ઞાનસમુચ્ચયસાર)

* ચિન્મૂરત દૃગધારીકી મોહિ રીતિ લગત હૈ અટાપટી;
બાહિર નારકી–કૃત દુખ ભોગે, અંતર સુખરસ ગટાગટી,
રમતિ અનેક સુરનિ સંગપૈ તિસ પરિણુતિ તેં નિવ હટાહટી,
જ્ઞાન વિરાગ શક્તિ તેં વિધિફળ ભોગત પૈ વિધિ ઘટાઘટી.
સદન નિવાસી તદપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી,
જે ભવ હેતુ અબુધકે તે તસ કરત બંધકી ઝટાઝટી.
નારક પશુ ત્રિય ષંડ વિકલત્રય, પ્રકૃતિનકી હ્વૈ કટાકટી,
સંયમધરિ ન સકે પૈ સંયમ, ધારન કી ઉર ચટાચટી.
તાસ સુયશ ગુણકી 'દૌલત' કે લાગી રહૈ નિત રટારટી.

## * ભરતક્ષેત્રનાં ભાગ્ય કે પૂજ્ય ગુરુદેવ અહીં જન્મ્યા *

* અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહાશક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોનાં ચૈતન્યને જગાડનારી હતી, ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતાં; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો....ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયકદેવ, ભગવાન આત્મા....ભગવાન આત્માનો'નો પોકર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા. અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય–અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

—પૂજ્ય બહેનશ્રી

[ તા. ૪-૫-૯૪ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* આ યુગમાં સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મતીર્થના પ્રણેતા, આ યુગના સ્વાનુભૂતિના માર્ગપ્રકાશક, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કૃપા-પ્રસાદથી જેમણે ૧૮ વર્ષની નાની ઉંમરમાં અનંત-ભવપરિભ્રમણનો અંત કરી દેનાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર અને પોતાના અસાધારણ જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિ વડે, ભગવાન શ્રી સીમન્ધર-સ્વામીની દિવ્યધ્વનિમાં સાંભળેલી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની 'ભાવિ-તીર્થંકરદ્રવ્ય'ના રૂપમાં સાતિશય મહિમાની પ્રસિદ્ધિ દ્વારા પોતાના અનંત-ઉપકારી ગુરુ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરનારા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૬૨ મી સમ્યક્ત્વ-જયંતી (ફાગણ વદ દશમ) સુરતના દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ તરફથી તા. ૧-૪-૯૪ થી તા. ૫-૪-૯૪—પાંચ દિવસ, તેઓશ્રીના અસીમ ઉપકારોની પાવન સ્મૃતિ સહિત સુવર્ણ-પુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવવામાં આવી. આ સમ્યક્ત્વ-જયંતી મહોત્સવમાં ૯૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિ હતી. તેઓશ્રીની અનુપસ્થિતિમાં આટલી વિશાળ ઉપસ્થિતિ મુમુક્ષુસમાજની તે પવિત્ર આત્મા પ્રત્યેની વિશિષ્ટ શ્રદ્ધા-ભક્તિ પ્રસિદ્ધ કરે છે.

સમ્યક્ત્વ-જયંતીના અવસરે પ્રતિદિન ક્રમશઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ભક્તિ તેમ જ સ્વાનુભવરસભીની ધર્મચર્ચાની કેસેટ, દેવદર્શન, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'સમયસાર ગાથા ૧, ૧૭-૧૮, ૨૩-૨૪-૨૫' ઉપર ટેપ-પ્રવચન, આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા બહેનશ્રીની સાધના-મહિમાભરી ભક્તિ તથા પરમાગમ મંદિરમાં 'પંચપરમેષ્ઠિ મંડળવિધાન' પૂજા, બપોરે સમાગત વિદ્વાનો—શ્રી હિંમતભાઈ શાસ્ત્રી, શ્રી દેવજીભાઈ પટેલ, શ્રી પ્રવિણભાઈ દોશી, શ્રી ચીમનભાઈ મોદી તથા શ્રી સુરેશભાઈ સંઘવી—દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્ર-પ્રવચન, જિનમંદિરમાં આમંત્રિત પંડિતજી દ્વારા જિનેન્દ્રભક્તિ, સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન અને ત્યારબાદ યાત્રાની વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા—એ રીતે અતિ રોચક કાર્યક્રમ સમ્પન્ન થતો હતો. સમ્યક્ત્વ-જયંતીના મંગલ દિવસે પ્રાતઃ ટેપ-પ્રવચન બાદ મંડલવિધાનપૂજાના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીના ચિત્રપટ સમક્ષ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સમ્યક્ત્વજયંતી-મહોત્સવની ધર્મભાવનાવર્ધક તેમ જ ઉલ્લાસભીની શોભાનો અનુમોદન કરતાં સુરત દિ. જૈન મુમુક્ષુમંડળના મંત્રી શ્રી નિરંજનભાઈ શાહે પોતાના

આભારદર્શનના પ્રમોદપૂર્ણ વક્તવ્યમાં કહ્યું કે "પરમોપકારી પૂજ્ય ગુરુદેવનાં અંતરીક્ષમાંથી વરસતાં કૃપાપૂર્ણ આશીર્વાદથી આનંદોલ્લાસ સહ સુચારુતયા સમ્પન્ન આ મંગળમયી સમ્યક્ત્વજયંતીની સફળતાનું પ્રધાન શ્રેય આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહને છે. બન્ને પરમોપકારીઓ પ્રત્યેની તેમની સદ્ભક્તિપ્રેરક પ્રભાવક ઉપસ્થિતિ જ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી. તેમના દ્વારા પોતાના વૈરાગ્ય તેમ જ ભક્તિપૂર્ણ મધુર સ્વરથી કરાવવામાં આવેલી 'આજ મંગળ દ્વાર ખૂલ્યા...' ઇત્યાદિ પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વસાધના સંબંધી વિભિન્ન ભક્તિઓ વડે ઉત્સવની જ્ઞાન અને રોચકતા વધી ગઈ હતી. મંડલવિધાનપૂજાના સમયે તેમની ભગવદ્ભક્તિભીની ઉપસ્થિતિ બધા માટે આનંદોત્સાહવર્ધિની અનુભૂત થતી હતી. તેથી અમારું સુરત દિ. જૈન મુમુક્ષુમંડળ આદરણીય પંડિતજી પ્રત્યે અત્યંત કૃતજ્ઞતાનો અનુભવ કરતો થકો નતમસ્તક છે."

પોતાની સમ્યક્ત્વપ્રાપ્તિની ભાવનાને પુષ્ટિ આપવા, આ સમ્યક્ત્વ-જયંતીનો મંગળ અવસર ઉજવવા એકત્રિત થયેલ મુમુક્ષુસમાજ, પાંચ દિવસ સવાર-સાંજે પરમ તારણહાર કૃપાસિંધુ ગુરુદેવશ્રીના શ્રીમુખેથી પ્રાપ્ત કરેલ મંગળ આશિષ—અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ—સાંભળીને તેમ જ સ્વાનુભૂતિમાર્ગદર્શક "આબાળ-ગોપાળ સૌને સદાકાળ ભગવાન આત્મા જ જણાઈ રહ્યો છે" ઇત્યાદિ સ્વાનુભૂતિ-રહસ્યભૂતમંત્રોના શ્રવણનું સૌભાગ્ય પામીને સર્વાધિક પ્રમોદતા પામ્યો હતો.

આ મંગળ ઉત્સવના દિવસોમાં વિભિન્ન મહાનુભાવોના ઘરે સાંજે મહિલા–મુમુક્ષુસમાજ માટે સમ્યક્ત્વભાવનાવર્ધક ભક્તિનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

—આ રીતે, પૂજ્ય બહેનશ્રીની ૬૨ મી સમ્યક્ત્વજયંતી અનેક રોચક કાર્યક્રમ સહ આનંદોલ્લાસપૂર્વક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની શાસનશોભામાં અભિવૃદ્ધ કરતી સમ્પન્ન થઈ હતી.

આ માંગલિક-પ્રસંગે સંસ્થાને નીચે પ્રમાણે આવક થઈ હતી:—

પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ( છેલ્લા છ માસમાં )

| | |
|---|---|
| તેમના ચિત્રપટ સમક્ષ | = રૂા. ૪૩૪૩૫-૦૦ |
| '૬૧'ના અંકમાં ૬૨ × ૭૪૮ | = રૂા. ૪૬૩૭૬-૦૦ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજામાં ૪ × ૧૦૦૧ | = રૂા. ૪૦૦૪-૦૦ |
| ભોજનમાં | = રૂા. ૧૨૦૦૦-૦૦ |

| | |
|---|---|
| આરતીમાં ૪૦૭૨ મણ | = રૂા. ૧૦૧૭૭-૫૦ |
| અન્ય શુભ ખાતામાં | = રૂા. ૩૦૨૮૯-૦૦ |
| કાયમી મંડલવિધાનપૂજા માટે | = રૂા. ૨૦,૦૦૦-૦૦ |
| સુરત દિ. જૈન મુમુક્ષુ મંડળ દ્વારા | = રૂા. ૫૧,૦૦૦-૦૦ |
| | કુલ રૂા. ૨,૧૭,૨૭૯-૫૦ |

સમ્યક્ત્વ-જયંતી પ્રસંગે કાયમી મંડલવિધાનપૂજા—

(૧) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, મુંબઈ (૨) કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ (૩) લલીતાબેન જયંતીલાલ મહેતા, મુંબઈ (૪) શ્રી નવલચંદ જગજીવનદાસ શાહ, હસ્તે મુક્તાબેન, સોનગઢ (૫) શ્રી વ્રજલાલ મગનલાલ શાહ-પરિવાર, જલગાંવ

પ્રાસંગિક મંડલવિધાનપૂજા :—

(૧) શ્રી સ્મીતાબેન કિરણભાઈ મોદીયા, સ્વ. કિરણભાઈના સ્મરણાર્થે (૨) સ્વ. ત્રિવેણીબેન નરોત્તમદાસના સ્મરણાર્થે, હસ્તે શ્રીકાન્ત તથા નયન ભાલાણી, બોટાદ (૩) શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, સુરત (૪) શ્રી હિંમ્મતલાલ છોટાલાલ ભીમાલિયા-પરિવાર, સોનગઢ

—તરફથી રાખવામાં આવી હતી

આ મંગલ અવસરે સાધર્મીવાત્સલ્યભોજન (૧) શ્રી શામજીભાઈ ભાણજીભાઈ કેરા, ગોરેગાંવ (૨) પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫મી જન્મજયંતીની પત્રિકાની લેખનવિધિની ખુશાલીમાં શ્રી સાકરબેન દેવજીભાઈ પટેલ, કાનાતળાવ તરફથી આપવામાં આવ્યું હતું.

* આ માંગલિક પ્રસંગ નિમિત્તે રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ મીઠા તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોની કેસેટમાં ૨૫ % ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

—*—

## * કહાનગુરુ-જન્મજયંતીની નિમંત્રણપત્રિકાની મંગળ લેખનવિધિ *

આપણા પરમ-તારણહાર વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫ મી કલ્યાણ-વર્ષિણી મંગળ જન્મજયંતીનો પાંચ દિવસીય જન્મોત્સવ કાનાતળાવનિવાસી (મુંબઈવાસી) શ્રીમતી સાકરબેન દેવજીભાઈ રુપારેલિયા (પટેલ) પરિવાર તરફથી સુવર્ણપુરીમાં તા. ૮-૫-૯૪ થી ૧૨-૫-૯૪ સુધી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવનાર છે. તેની ભવ્ય અને આકર્ષક નિમંત્રણ-પત્રિકાની મંગળ લેખનવિધિ સુવર્ણપુરીમાં

પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વજયંતી-મહોત્સવ પ્રસંગે તા. ૩-૪-૯૪ના રોજ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન પછી વિશાળ મુમુક્ષુસમાજની ઉપસ્થિતિમાં તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહના તત્ત્વાવધાનમાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક સમ્પન્ન થઈ હતી. આ મંગળવિધિના ઉપલક્ષમાં શ્રીમતી સાકરબેન દેવજીભાઈ રુપારેલિયા-પરિવાર તરફથી સમસ્ત મુમુક્ષુઓ માટે સાધર્મીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું. નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિના હર્ષોલ્લાસ પ્રસંગે મુમુક્ષુઓ તરફથી સંસ્થાના વિભિન્ન ખાતાઓ માટે રૂા. ૧૫૦૦૦/-ની દાનરાશિ જાહેર થઈ હતી.

* માનસ્તમ્ભ-પ્રતિષ્ઠાતિથિ :-અધ્યાત્મસાધનાભૂમિ સુવર્ણપુરીમાં સં. ૨૦૦૯ માં નિર્મિત ૬૩ ફૂટ ઉન્નત શ્રી સીમંધર-માનસ્તમ્ભની ૪૨ મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ ચૈત્ર સુદ ૧૦, તા. ૨૧-૪-૯૪, ગુરુવારના રોજ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવી હતી.

* ચૈત્ર સુદ-૧૩, રવિવાર, તા. ૨૪-૪-૯૪ ના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણકદિન તેમ જ અધ્યાત્મયુગસર્જક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનો ૬૦ મો સંપ્રદાય-પરિવર્તનદિન પૂજા-ભક્તિના વિશેષ ઉલ્લાસપૂર્ણ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. આ માંગલિક પ્રસંગે શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, ગોરેગાંવ તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન, મલાડ તરફથી સર્વે મુમુક્ષુઓ માટે સ્વામીવાત્લ્યભોજન રાખવામાં આવ્યું હતું.

* ફાગણ સુદ-૨ ના રોજ શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે તેમ જ ફાગણ સુદ-૭ના રોજ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે અનુક્રમે શ્રી જડાવબેન નાનાલાલ જસાણી-પરિવાર; મુંબઈ તરફથી તથા શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ, દેહગામ તરફથી સર્વે મુમુક્ષુઓ માટે સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

* પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા આયોજિત શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ-અંતર્ગત 'શ્રી કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના ઉદ્ઘાટનનો વાર્ષિકદિન ચૈત્ર વદ-૧૩, રવિવાર, તા. ૮-૫-૯૪ ના રોજ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવાશે.

તા. ૧–૪–૯૩થી તા. ૩૧–૩–૯૪ સુધીમાં શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી નીચે મુજબનાં પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે; તે પુસ્તકોનો અંદાજિત ખર્ચ રૂપિયા છ લાખ થયો છે.

| શાસ્ત્ર | પ્રત |
|---|---|
| (૧) શ્રી સમયસાર (ગુજરાતી) | ૨૦૦૦ |
| (૨) ,, પ્રવચસાર (હિન્દી) | ૧૦૦૦ |
| (૩) ,, જિનેન્દ્ર પૂજા સંગ્રહ (ગુજરાતી) | ૩૦૦૦ |
| (૪) ,, મોક્ષમાર્ગ પ્રકાશક (ગુજરાતી) | ૨૦૦૦ |
| (૫) ,, ગુરુસ્તુતિ આદિસંગ્રહ (ગુજરાતી) | ૩૦૦૦ |
| (૬) ,, જિનેન્દ્ર ભજનમાળા (ગુજરાતી) | ૨૨૦૦ |
| (૭) ,, મહાવીર ભજન પૂજા સંગ્રહ (ગુજરાતી) | ૩૦૦૦ |
| (૮) ,, જૈન બાળપોથી ભાગ–૧ (ગુજરાતી) | ૫૦૦૦ |
| (૯) ,, જૈન બાળપોથી ભાગ–૧ (હિન્દી) | ૫૦૦૦ |
| (૧૦) ,, નંદીશ્વરાદિ જિનભજન પૂજન (ગુજરાતી) | ૩૦૦૦ |
| (૧૧) ,, જૈન પ્રાયમર (અંગ્રેજી) | ૫૦૦૦ |
| (૧૨) ,, પરીચય પુસ્તિકા (અંગ્રેજી) | ૩૦૦૦ |
| (૧૩) ,, જિનસહસ્રવસુનામ–પૂજાવિધાન (હિન્દી) | ૧૦૦૦ |
| (૧૪) ,, જિનેન્દ્ર સ્તવનમાળા (ગુજરાતી) | ૨૦૦૦ |

* જૂના શાસ્ત્રો પાછા મોકલાવવા બાબત :—

કોઈ મુમુક્ષુ ભાઈઓને ઘરમાં સ્થળસંકોચનાં કારણે શાસ્ત્રો અશાતના ન થાય એ રીતે વ્યવસ્થિત રાખવાની અનુકૂળતા ન હોય ત્યારે તે શાસ્ત્રોનું શું કરવું ?—એવો વિચાર આવે છે. તેથી તેમની અનુકૂળતા માટે શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી પ્રકાશિત આવું સાહિત્ય, આત્મધર્મ વગેરે જે હોય તે સંસ્થા પાછું સ્વીકારી લેશે. આ માટે તેઓએ નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. દરેક ગામમાં મંદિર અથવા મુમુક્ષુ મંડળનાં સંચાલકોએ પુસ્તકો એકઠાં કરીને નીચેનાં સરનામે પાર્સલ મોકલી આપવા :—

શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ
૧૫, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

## શ્રી સાકરબેન દેવજીભાઈ રુપારેલિયા (પટેલ), સુરત દ્વારા સુવર્ણપુરીમાં ઉજવાઈ રહેલો ૧૦૫ મો

## 卐 શ્રી કહાનગુરુ-જન્મોત્સવ 卐

અત્યાનંદોર્મિ સાથ જણાવવાનું કે—આત્મસાધના કરવા નીકળેલા મુમુક્ષુઓને સઘળાય કર્તૃત્વરૂપી મોહરાજાની સેનાને નેસ્તનાબૂદ કરવા અકર્તાસ્વભાવી જ્ઞાયકનો અમોઘમંત્ર આપી આપણા ઉપર અનંત અનંત-ઉપકારની વર્ષા વરસાવનાર પરમ તારણહાર વહાલા ધર્મપિતાની ૧૦૫મી કલ્યાણવર્ષિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ-૨), અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં કાનાતળાવ-નિવાસી (સુરતવાળા) શ્રી સાકરબેન દેવજીભાઈ રુપારેલિયા (હા. શ્રીમતી લાભુબેન હર્ષદભાઈ રુપારેલિયા) તરફથી ચૈત્ર વદ ૧૩, રવિવાર, તા. ૮-૫-૯૪થી વૈશાખ સુદ ૨, ગુરુવાર, તા. ૧૨-૫-૯૪—પાંચ દિવસ સુધી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવાઈ રહ્યો છે.

ગુરુ-જન્મોત્સવનો આ મંગલ અવસર 'શ્રી ચોંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસપૂર્ણ ઓડિયો-વિડિયો ટેપપ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન થનારી પૂજા-ભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, યાત્રા-વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમજ અન્ય રોચક કાર્યક્રમ સહિત ઉજવાઈ રહ્યો છે.

※ અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૪૫ થી ૮-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની

## ચોથી સાંવત્સરિક સમાધિતિથિ પર સોનગઢમાં પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમ

[તા. ૨૩-૫-૯૪ થી તા. ૨૭-૫-૯૪]

* અનંત-ઉપકારમૂર્તિ, સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક, પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મતીર્થ-સુવર્ણપુરીની શોભા ભક્તરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પવિત્ર સમાધિનો ચોથો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ-૩, શુક્રવાર, તા. ૨૭-૫-૯૪ ના રોજ છે. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે તા. ૨૩-૫-૯૪ સોમવારથી તા. ૨૭-૫-૯૪ શુક્રવાર સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—પંચપરમેષ્ઠિમંડલવિધાન પૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં જ્ઞાનવૈરાગ્યપોષક આધ્યાત્મિક ટેપ-પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસના, દેવ-ગુરુ-ભક્તિ, ઇત્યાદિ ધાર્મિક કાર્યક્રમ—રાખવામાં આવશે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમજ દેવ-ગુરુ-ભક્તિના પોષક આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા, સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિ. જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

સૂચના :—આવાસ તેમ જ ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

**પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫ મી જન્મજયંતીના શુભ-અવસરે તા. ૨૩-૪-૯૪ શનિવારથી તા. ૧૨-૫-૯૪ ગુરુવાર—વીસ દિવસ સુધી રાખવામાં આવેલો ધાર્મિક શિક્ષણવર્ગ બહુ સારી રીતે ચાલી રહ્યો છે.**

## 卐 શુદ્ધાત્માની ચિંતા કરનાર પણ ધન્ય છે 卐

અહો! મારા આત્માનું શું થશે? આ જડ શરીરથી હું ભિન્ન છું, આ જડ શરીર તો અહીં પડ્યું રહેશે અને હું તો એકલો જઈશ; શરીર પણ મારી સાથે રહેવાનું નથી તો પછી સ્ત્રી–કુટુંબ–લક્ષ્મી વગેરેની શું વાત? વિકાર પણ મારું સ્વરૂપ નથી, મારો આત્મા કાયમી શુદ્ધ ચિદાનંદ છે, સિદ્ધ ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય મારામાં ભર્યું છે તેને હું ઓળખું—એમ ચોવીસે કલાક અંતરમાં રટણ ચાલે છે તેવા ધર્મની ચિંતાવાળા ભવ્યાત્માઓને દેવો પણ સેવે છે. પવિત્રતાવાળા જીવોને પુણ્યવંત દેવો પણ આદરે છે. આત્મસ્વભાવના લક્ષવાળું જીવન જ આદરણીય છે, એ સિવાય બીજા જીવનને આદરણીય ગણવામાં આવ્યું નથી. માટે ભવ્યાત્માઓએ વારંવાર શુદ્ધાત્માની ચિંતામાં ને તેના જ રટણમાં રહ્યા કરવું—એવો શ્રી આચાર્યદેવનો ઉપદેશ છે. શરીર–પૈસા–કુટુંબ કે દેશ વગેરેનું જે થવું હોય તે થાય, તેને સંયોગરૂપે રહેવું હોય તો રહે ને જવું હોય તો જાય, મારા આત્માથી તે બધા ભિન્ન છે, હું નિત્ય રહેનાર ચૈતન્યબિંબ છું, તેને ઓળખીને તેમાં ઠરું—એ જ મારું કર્તવ્ય છે. આવી જેને રુચિ અને ઝંખના પ્રગટી છે તેનું જીવન ધન્ય છે. કરવા યોગ્ય હોય તો આ જ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવનારે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૦૬ ૬૦૭) * આત્મધર્મ * (અંક ૧૦-૧૧ વર્ષ–૫૦) વીર સં. ૨૫૨૦ એપ્રિલ-મે, ૧૯૯૪